Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्बुधानाम् ॥१॥

पु. १७. | वीर सं. २४४६–मागशर. आत्म सं. २४ | अंक ५ मो.

प्रकाशक– जैन आत्मानन्द सभा–भावनगर.

વિષયાનુક્રમણિકા.

૧ શ્રી પ્રભુ સ્તુતિ. (રા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.) ૧૧૭
૨ કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો (રા કુબેરલાલ અં. ત્રિવેદી) ૧૧૮
૩ સ્વ જીવન તત્ત્વને ટકાવી રાખવાની કળા. (મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી) ... ૧૧૯
૪ મુર્ખ શતક. " " ૧૨૧
૫ વિધિના લેખ. (કવિ સાંકળચંદ પિતાંબરદાસ).. ... ... ૧૨૨
૬ આત્મનિર્ભરતાનું મહત્વ. (રા. વિઠલદાસ મૂળચંદ બીએ). ૧૨૩
૭ પાંચ ઇન્દ્રિયોનું સ્વરૂપ. (રા. અધ્યાયી) ૧૩૦
૮ સુધારો. ૧૪૧
૯ ગ્રંથાવલોકન. ૧૪૨
૧૦ વર્તમાન સમાચાર. ૧૪૩

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નીચેના ગ્રંથો છપાવવા માટે (ભાષાંતર) તૈયાર થાય છે.

(પ્રસિદ્ધ કરવા માટે–જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે).

૧. **શ્રી દાન પ્રદીપ** (મહોપાધ્યાય શ્રીચારિત્રગણી કૃત) દાનગુણનું સ્વરૂપ જણાવનાર.

૨. **શ્રી મહાવીર ચરિત્ર** (શ્રી નેમીચંદ્ર સૂરિકૃત) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** (શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** (શ્રી સોમધર્મગણિ વિરચિત).

૫. **શ્રી ધર્મપરિ**[illegible] અપૂર્વ કથાનક ગ્રંથ).

૬. **શ્રી સંબોધ** [illegible]–શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

૭. **ગુણમાળા (ભાષાંતર).**

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તે સાથે વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી–કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને (વગર કિંમતે) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

શ્રીમદ્ દેવચંદ્ર ભાગ–બીજો.

જેમાં વિચારસાર, અધ્યાત્મગીતા, દ્રવ્યપ્રકાશ, બે ચોવીશીઓ, વીશી, ચાર પૂજાઓ, સ્તવનો, સઝાયો વિગેરેનો સંગ્રહ છે. કુલ પૃષ્ટ ૧૨૦૦ પાકું–સળંગ છીંટનું પુંઠું સોનેરી નામ સાથે, કીંમત રૂા. ૩–૮–૦

મળવાનું ઠેકાણું—**વકીલ મોહનલાલ હીમચંદ. પાદરા**–(ગુજરાત).

જૈન બંધુઓને ખાસ સૂચના.

આપણા મંદિરોમાં ઉપયોગમાં આવે તેવી શુદ્ધ વસ્તુઓ જેવી કે–કેસર, કસ્તુરી, અમ્બર, બરાસ, મોમ્માઈ, ગોરૂચંદન, શીલાજીત, સોના–ચાંદીના પાના, દશાંગી ધુપ, અગરબતી વીગેરે માલ કીફાયત ભાવે મળશે. ભાવને માટે પ્રાઇસ-લીટ મંગાવો. **શા. ફુલચંદ ગોપાળજી, હેરીસ રોડ—ભાવનગર.**

નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જે ઉપકાર સાથે સ્વીકારીયે છીયે.

૧ **શ્રી પૂણ્યધન નૃપકથા** (સંસ્કૃત) શ્રી જિનેન્દ્ર પૂજાથી જન્મમરણના દુઃખો કેવી રીતે દુર થાય છે તેના ઉપર રસીક કથા છે. તેના કર્તા શ્રી શુભશીલ ગણિ છે કે જેણે આ ગ્રંથ ૧૯૪૧ માં રચ્યો છે. તેના પ્રકાશક શ્રી મહાવીર જૈન સભા–ખંભાત છે. દરેક સાધુ સાધ્વી મહારાજને ભેટ મળે છે. ખપી મહાત્માઓએ પ્રકાશકને ત્યાંથી મંગાવવો.

૨ **શ્રી જિનગુણમંજરી** (સ્તવનાવળી) આ સ્તવન સંગ્રહના કર્તા શ્રીમાન્ વિજયાનંદ સૂરિ (આત્મારામજી મહારાજના પ્રશિષ્ય મુનિ શ્રી તિલકવિજયજી છે. પ્રકાશક શ્રી આત્મ-તિલક ગ્રંથ સોસાઇટી અમદાવાદ–રતનપોળ છે. કિંમત બે આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १७] वीर संवत् २४४१, मार्गशिर्ष. आत्म संवत् २४. [अंक ५ मो.

श्री प्रभुस्तुति.

(અનુષ્ટુપ).

કુકર્મરૂપ અંગારો, આવી અંગે પડે છે જ્યાં;
દુઃખના તિવ્ર તણખાઓ સંગમાં આવી ખરે. ૧

ભવાગ્નિ તણી જ્વાલા વિષમ ને અતિ આકરી;
પ્રાણી રૂપી પતંગો ત્યાં પડે છે બની અંધ રે. ૨

પ્રભુજી એહ જ્વાલાને બુઝાવીને કૃપા કરી;
મુક્તિ સૌ પ્રાણીને અર્પો યાચું એ નમ્રભાવથી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

પદ્યાત્મક ભાષાંતર સહિત.

લે૦ રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી—ભાવનગર.

ગતાંક પૃષ્ટ ૯૮ થી શરૂ.

गंगा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च हरेत्साधुसमागमः ॥

(દોહરો).

ગંગ પાપ શશિ તાપને, સુરતરૂ દુઃખ હરનાર;
પાપ તાપ ને દુઃખ હરે, સંત સમાગમ ચાર.

महाजनस्य संसर्गः कस्य नोन्नतिकारकः ।
पद्मपत्रस्थितं वारि धत्ते मुक्ताफलश्रियम् ॥

(અનુષ્ટુપ).

મહાપુરૂષનો સંગ ઉન્નતિ કોની ના કરે ?
પદ્મપત્રે પડયું વારિ, કાંતિ મોતીસમી ધરે.

वामशायी द्विभोजी च षण्मुत्री द्वि पुरीषकः ।
सकृन्मैथुनसेवी च स नरो जीवते शतम् ॥

(દોહરા).

ડાબી બાજુ સુવે સદા, ભોજન લે બે વાર;
એક વાર મૈથુન કરે, લઘુ શંકા છ વાર.
નિત્ય પ્રતિ બે વાર વળી, જંગલ જે જાનાર;
આયુષ્ય લાંબુ સો સુધી, તે નર ભોગવનાર.

घृतमिव पयसि निगूढं भूते भूते च वसति विज्ञानम् ।
सततं मन्थयितव्यं मनसा मन्थानभूतेन ॥

(વસંતતિલકા).

જેવી રીતે પય વિષે નવનીત ગૂઢ,
પર્માત્મ તેમ સહુ પ્રાણી વિષે જ મૂઢ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મન્થા લઇ મનની મન્થન જો કરાય,
તો તે સ્વરૂપ જ તને અપરોક્ષ થાય.

शोभन्ते विद्यया विप्राः क्षत्रिया विजयश्रिया ।
श्रियोनुकूलदानेन लज्जया च कुलाङ्गना ॥

(અનુષ્ટુપ).

વિપ્ર વિદ્યા વડે શોભે, ક્ષત્રિયો વિજયો થકી;
લક્ષ્મી દાન વડે શોભે, કુલસ્ત્રી લાજથી નકી.

—ચાલુ.

સ્વજીવનતત્ત્વને ટકાવી રાખવાની કળા.

૧ સાદું, સાત્ત્વિક, મિતસર, નિયમિત, નિર્દોષ, ઇચ્છિત ખાનપાન કરવાથી શરીરનું આરોગ્ય ઠીક સચવાય છે અને આપણાં નિત્યકર્ત્તવ્ય સ્ખલનારહિત સાધી શકાય છે.

૨ શરીરનો સાંચો બગડે ત્યારે તેને નિયમમાં લાવવા મળની શુદ્ધિ કરવા લંઘન-ઉપવાસાદિક અકસીર ઉપાય છે. છતાં નિર્બળ મનના લોકો શરીરમમતાથી અંતે દુઃખરૂપ થાય એવું નકામું ખાનપાન કર્યા કરે છે, આપણા લોકો આરોગ્ય રક્ષાના નિયમો ક્યારે શીખશે ?

૩ શુદ્ધ હવા-પાણી અને પ્રકાશ જે સ્થળમાં સહજે મળે એવું સુંદર નિર્દોષ સ્થળ રહેવા માટે પસંદ કરવું જોઇએ.

૪ ગંદકી કે દુર્ગંધિથી સ્થળ દૂષિત થવું ન જોઇએ.

૫ વસ્ત્રાદિક સાદાં પણ સ્વચ્છ રાખવાં લક્ષ જોઇએ.

૬ જેમ કાટ લોઢાને ખાઇ જાય છે તેમ આળસ-પ્રમાદ-એદીપણું પણ શરીરને બગાડી નાંખે છે.

૭ શરીરને સારી રીતે કસતા રહેવું જોઇએ, જેથી તે સુખશીલ બની રોગગ્રસ્ત થઇ ન જાય.

૮ જે સુખશીલ બની રહે છે તે કંઇ પણ રોગાદિક કષ્ટ પ્રાપ્ત થતાં, તાપમાં સુકોમળ પુષ્પની જેમ ચીમળાઇને દુઃખી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯ જે પ્રથમથી જ શરીરને સારી રીતે કસી રાખે છે તે ગમે તેવા કષ્ટ પ્રસંગે ઠીક ટકી શકે છે.

૧૦ ગમે તેવા રોગાદિક વિષમ પ્રસંગમાં જે કોઇ મનનું સમતોલપણું સાચવી શકે છે તેના ઉપર ગમે તેવા દુષ્ટ રોગાદિક માઠી અસર કરી શકતા નથી.

૧૧ રોગ કરતાં ચિન્તા કરવાથી વધારે વિનાશ થવા પામે છે. તેથી જ ચિન્તાને ચિતા કરતાં અધિક લેખી છે. ચિન્તા કરવાથી નકામું લોહી અવટાય છે.

૧૨ હવાફેર કે પાણીફેર કરવા ઇચ્છનારાઓએ શત્રુંજય, ગિરનાર, આબુ કે શિખરજી જેવાં સ્થળો અનુકૂળતા મુજબ પસંદ કરવાં કે જેથી ત્યાંનું ઉત્તમ વાતાવરણ પણ તન-મન ઉપર સારી અસર કરી શકે.

૧૩ નાના મોટા સહુએ સ્વચ્છતા અને સુઘડતા જરૂર રાખતાં શિખવું, જેથી સ્વપર અનેકને લાભ થઇ શકે.

૧૪ ખરી ભૂખ વગર લોભવશ ખાવું જોખમવાળું છે.

૧૫ અજીર્ણ છતાં અન્ન લેવાથી તે વિષરૂપ થાય છે.

૧૬ પ્રસન્ન ચિત્ત રહેવાથી અશાન્તિ ઉપજતી નથી અને આંતર શાન્તિ અનુભવાય છે. તેમજ દુ:ખ માત્ર શમાય છે.

૧૭ કલુષિત ચિત્ત કરવાથી શાન્તિનો લોપ થાય છે.

૧૮ અતિ સ્નિગ્ધ-માદક પદાર્થના અધિક સેવનથી ચિત્તવૃત્તિ બગડે છે, કામોન્માદ પ્રગટે છે અને વીર્યનો વિનાશ થવાથી શરીર નિ:સત્ત્વ બને છે-નિચોવાઇ જાય છે; પણ માફકસર ખાનપાનથી સ્વવીર્ય જળવાઇ રહે છે.

૧૯ અતિ વિષયાસક્તિથી વીર્યનો અત્યંત વિનાશ થાય છે.

૨૦ ક્રોધ-દ્વેષાદિક તાપથી લોહી બધું તવાઇ ખરાબ થઇ જાય છે.

૨૧ હીણી-નબળી સોબતથી પણ બહુ અનિષ્ટ પરિણામ આવે છે.

૨૨ ખરી દિલસોજીવાળું વચન અમૃતની ગરજ સારે છે.

૨૩ અતિ શોક સંતાપથી લોહીનું પાણી થઇ જાય છે, મુખ ફિકું કે શ્યામ પડી જાય છે અને અકાળ મૃત્યુ થઇ પડે છે.

૨૪ સહુએ સ્વજીવનતત્ત્વને ટકાવી રાખવાની અને સદ્વિવેક વડે તેને સફળ-સાર્થક કરી લેવાની કળા શીખી લેવી જોઇએ.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂર્ખશતક–અનુવાદ.

આમુખ—આપણને કોઈ મૂર્ખ કહે છે ત્યારે આપણે ખીજવાઇ જઇએ છીએ અને સામાને (કે તેના બાપ સુદ્ધાંને) મૂર્ખ કહેવા તત્પર થઇએ છીએ. અહીંઆ ગ્રંથકાર પોતે દુનિયાના અનુભવ પ્રમાણથી જે હકીકત જણાવે છે તે આપણા અનુભવમાં સત્ય સમજાય તો તેવી વાતોથી લગારે ઉશ્કેરાયા વગર આપણે સ્વહિત સમજી આદરતાં શીખશું અને આપણા જીવંત દૃષ્ટાન્તથી અન્યનું પણ હિત કરી શકશું. "સંકોચ એ મરણ છે અને વિકાસ એ જીવન છે." એ સૂક્ત વચનનો સાર સમજવાની પ્રથમ જરૂર છે. ક્ષુદ્રાશય–સંકુચિત આચાર–વિચાર–સ્વાર્થીપણું એ આત્માની મૃતપ્રાયઃ સ્થિતિ છે. જ્યારે ઉદારાશય–નિઃસ્વાર્થ ભાવના એ અમૃત જીવન છે. આ ગ્રંથમાં કરેલા ઉલ્લેખથી કેવા જીવો મૂર્ખ ઉપનામને ઠીક લાયક છે તે જાણી સુજ્ઞ જનો તેની નબળી પંક્તિમાંથી સ્વપર કોઇ પણ જીવનો ઉદ્ધાર કરવા જેટલા ઉદાર અને કરૂણાર્દ્ર થશે. આ મૂર્ખશતકનો સાર સમજી, પોતાની મૂર્ખતા તજી તમે સહુ એવા તો સદાચારશીલ બનો કે જેથી દોષ–કલંક રહિત મણિની પેઠે તમે સર્વત્ર શોભાને પામો. બસ, એજ ખરૂં કર્ત્તવ્ય સમજો. અત્ર કેવા કેવા જીવોને મૂર્ખની પંક્તિમાં લેખ્યા છે તે સંક્ષેપથી કહેશું.

૧ શક્તિ–સામર્થ્ય છતાં ઉચિત ઉદ્યોગ–વ્યવસાય નહીં કરનાર.
૨ વિદ્વાન લોકોની સભામાં આપ બડાઇ હાંકનાર, ગર્વ કરનાર.
૩ વેશ્યા–કુલટા નારીનાં વચન ઉપર વિશ્વાસ રાખી ચાલનાર.
૪ દંભી, મિથ્યાડંબરી, ધૂર્તમાં નકામી શ્રદ્ધા રાખનાર.
૫ જુગારાદિક વ્યસન સેવી પૈસા કમાવાની આશા રાખનાર.
૬ ખેતી વિગેરે વ્યવસાયથી દ્રવ્યપ્રાપ્તિ થવામાં શંકા કરનાર.
૭ બુદ્ધિ રહિત છતાં ભારે કામ કરવા તત્પર થનાર.
૮ વેપારી છતાં ખેલ–તમાસાનો રસીયો બની વખત ગુમાવનાર.
૯ કરજ કરીને ઘર હવેલી પ્રમુખ ખરીદ કરી લેનાર.
૧૦ વૃદ્ધ વય થયા છતાં નાની કન્યા સાથે લગ્ન કરનાર.
૧૧ અજાણ્યો–અપરિચિત ગ્રંથ સભા સમક્ષ સંભળાવનાર.
૧૨ લોકપ્રસિદ્ધ અર્થને ઉત્થાપી મનકલ્પિત અર્થ કરનાર.
૧૩ પોતે શ્રીમંત છતાં અન્ય જનોની ઇર્ષ્યા કરનાર.
૧૪ શક્તિવંત શત્રુથી સાવધાન નહીં રહેનાર.
૧૫ પૈસો આપીને પસ્તાવો કરનાર (પાણી પીને ઘર પૂછનાર).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૬ કવિજનો–પંડિતોને ઉંધું–અવળું કરવા આગ્રહ કરનાર
૧૭ પ્રસંગ વગર ડાહ્યું બોલનાર.
૧૮ ખરા પ્રસંગે મૌન રહેનાર.
૧૯ લાભ પ્રસંગે કલેશ કરનાર.
૨૦ ભોજન વખતે ક્રોધ–કષાય કરનાર.
૨૧ નજીવા લાભની ખાતર મૂળ વસ્તુ ગુમાવી બેસનાર.
૨૨ લોકોએ પંડિત કહ્યા જાણી અર્ધદગ્ધ રહેનાર.
૨૩ પુત્રપરિવારને ધન સોંપી દઇ પછી ખેદ–દીનતા કરનાર.
૨૪ સસરા સાળાદિક પાસે દ્રવ્યની યાચના કરનાર.
૨૫ સ્ત્રી સાથેના અણબનાવથી બીજી સ્ત્રી સાથે લગ્ન કરનાર.
૨૬ પુત્ર સાથે થયેલા કલેશથી પુત્રનો વધ–વિનાશ કરનાર.
૨૭ અન્ય સાથેની ઇર્ષ્યાથી અધિક દ્રવ્ય ઉડાવી દેનાર (કામાન્ધ).
૨૮ જાચક લોકોનાં ચાટુ–ખુશામતભર્યાં વચનથી ગર્વ કરનાર.
૨૯ બુદ્ધિના ગર્વથી હિતસ્વી જને કહેલાં હિતવચન નહીં સાંભળનાર, (તેની ઉપેક્ષા કરી સ્વેચ્છા મુજબ ચાલનાર).
૩૦ કફોડી સ્થિતિમાં પણ કુળના ગર્વથી પારકી નોકરી–તાબેદારી નહીં કરનાર.
૩૧ દુર્લભ્ય વસ્તુ અન્યને આપી દઇ તે પાછી મેળવવા ઇચ્છનાર.
૩૨ દાણ–મહેસુલ ચૂકાવી દીધાં છતાં આડે માર્ગે–ઉન્માર્ગે ચાલનાર.
૩૩ લોભી રાજાની પાસેથી લાભ મેળવવાનો અભિલાષ રાખનાર.
૩૪ દુષ્ટ-અન્યાયી નેતા-અધિકારી પાસેથી ન્યાય મેળવવા ઇચ્છનાર.

વિધિના લેખ.

શું કહું કથની મારી રાજ—એ રાગ.

વિધિના લેખ ન ટળશે રાજ, વિધિના લેખ ન ટળશે;
બીજ બોયા સમ ફળ મળશે રાજ૦ વિધિના૦ ટેક.
લગ્ન વસિષ્ઠ મુનિ દેનારા, રામ ગ્રહણ કરનારા;
કયાં અભિષેક ને કયાં વન [1]વલ્કલ? એક સમય ફળ ન્યારાં રાજ. વિધિના૦ ૧

૧ વનવાસના લુગડાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કૃત્રિમ કંચન મૃગની તૃષ્ણા, પ્રતિકૂળ દૈવ પ્રભાવે;
અપહરી સીતા રાવણરાયે, રઘુવીર જંગ મચાવે રાજ. વિધિના૦ ૨
[2]દક્ષ યુધિષ્ઠિર વિધિએ [3]વંચ્યો, દ્રૌપદી [4]દ્યુતમાં ગુમાવી;
કુળક્ષય પાંડવ કૌરવે કીધું, થાય ન મિથ્યા ભાવી રાજ. વિધિના૦ ૩
ધવળ શશિમાં શ્યામ કલંક કયાં ? વધઘટ દિવસ [5]નિશીને;
ભરતી ઓટ સદા સાગરમાં, અસ્તોદય રવી શશિને રાજ. વિધિના૦ ૪
[6]દિનકર ઉગ્યો દુનિયા દેખે, અંધ ઘુવડ કેમ થાવે ?
[7]રત્નાકર જાચ્યો જળ આશે, પંથી તરસ્યો જાવે રાજ. વિધિના૦ ૫
થાય થવાનું તે કદિ મિથ્યા, હોય ન દૈવ પ્રભાવે;
હર્ષ શોક ફોકટ શો કરવો ? રહેવું સદા સમભાવે રાજ. વિધિના૦ ૬
સુખમાં પ્રભુને યાદ કરે નહીં, દુઃખ આવે સંભારે;
સુખમાં સમરે દુઃખ ન આવે, જન્મ મરણ ભય વારે રાજ. વિધિના૦ ૭
સુકૃત કરણી ભવ ભય હરણી, કર ઝટ, પાર ઉતરણી;
સાંકળચંદ નર ભવ નીસરણી, ચડી શીવવધુ લે પરણી રાજ. વિધિના૦ ૮

આત્મ–નિર્ભરતાનું મહત્વ.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

આત્મવિશ્વાસ ઉત્પન્ન કરવા માટે આત્મનિર્ભરતાની અત્યંત અગત્ય છે. જેમ ભોજન વિના ભોજન બનાવવાનું વાસણ નિરૂપયોગી છે તેમ આત્મનિર્ભરતા વગર આત્મવિશ્વાસ નિરર્થક છે. આત્મવિશ્વાસથી માત્ર આ વાતનો જ નિર્ણય થાય છે કે આપણામાં શું શું કાર્યો કરવાની શક્તિ રહેલી છે, અને આપણે શું કરી શકીએ છીએ; પરંતુ આત્મ–નિર્ભરતાથી જે બાબતોની સંભાવના હોય છે તે કાર્યનું રૂપ ધારણ કરી લે છે. એક શિલ્પકાર કોઇ પત્થરના ટુકડાને જુએ છે ત્યારે તેનો આત્મવિશ્વાસ તેને કેવળ એટલું બતાવે છે કે તે ટુકડામાંથીએક અત્યંત સુંદર મૂર્તિ બની શકે છે; પરંતુ આત્મ–નિર્ભરતા તે પત્થરના ટુકડાને તેની દ્વારા મૂર્તિનું રૂપ ધારણ કરાવી દે છે. પહેલાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને પછી આત્મનિર્ભરતા પેદા થાય છે. પહેલાં કોઇ કાર્ય કરવાની સંભાવના થાય છે અને પછી તદ્રુપ ક્રિયા બને છે. એ સંભાવનાને આત્મવિશ્વાસ કહેવામાં આવે છે અને તદ્રુપ ક્રિયાને આત્મનિર્ભરતા કહેવામાં આવે છે.

૨ ડાહ્યો. ૩ ઠગ્યો. ૪ જુગાર. ૫ રાત. ૬ સૂર્ય. ૭ સમુદ્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે મનુષ્યને આત્મનિર્ભરતાની પ્રાપ્તિ થાય છે તે એમ કહ્યા કરે છે કે મારી શક્તિઓનું, મારી સંભાવનાઓનું મારી સિવાય કોઇ અનુમાન કરી શકતું નથી. કોઇ પણ મનુષ્ય મારૂં હિત અથવા અહિત કરી શકતો નથી. હું પોતેજ મારૂં પોતાનું હિત વા અહિત કરી શકું છું. આત્મનિર્ભર પુરૂષો પોતાની આર્થિક, સામાજીક, માનસિક, શારીરિક તથા આત્મિક દશાઓને પોતે જ સુધારી શકે છે. મનુષ્યનું જીવન કેવા પ્રકારનું હોવું જોઇએ એ એક એવો ગંભીર પ્રશ્ન છે કે જેનો નિશ્ચય પ્રત્યેક વ્યક્તિ પોતે જ પરિપક્વ વિચાર કરીને કરી શકે છે. આ માટે જ પ્રત્યેક મનુષ્યે પોતાનાં બળ ઉપર આધાર રાખતાં શીખવું જોઇએ. બીજાઓનાં બળ ઉપર ઝઝુમવું અને બીજાઓના વિશ્વાસે રહેવું એ નિરર્થક છે. આ વાતનું પ્રકૃતિ સાક્ષાત્ ઉદાહરણ છે. પ્રકૃતિ તરફ નજર કરશું તો આપણને સહજ જણાશે કે જે કાર્ય તેને પોતાને કરવાનું હોય છે તે તેને પોતાને જ કરવું પડે છે. પોતાની જગ્યાએ બીજાને મુકવાથી અથવા બીજાની જગ્યા આપણે લેવાથી કદાપિ કાર્ય થઇ શકતું નથી. પ્રકૃતિ હમેશાં આપણને બતાવી રહેલ છે કે મનુષ્ય પોતે પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે. તેની મરજીમાં આવે તો પોતાને પોતાનો મિત્ર બનાવે અથવા શત્રુ બનાવે, તે પોતાને જ આધીન છે. આનું સાધારણ ઉદાહરણ કસરતનું લઇએ. કોઇ મનુષ્ય પોતાને બદલે બીજાને કસરતશાળામાં મોકલીને પોતાનું શરીર પુષ્ટ કરી શકે એ વાત કદિ પણ સંભવિત છે? આ પ્રશ્નનો ઉત્તર એકદમ નકારમાં જ આવશે કે કદાપિ એ વાત સંભવિત હોઇ શકે જ નહિ. જ્યાંસુધી તે પોતે કસરતશાળામાં જઇને પોતાના શરીરથી શ્રમ નહિ કરે અને કસરતના સિદ્ધાંતો ઉપર પોતાનાં ચિત્તને એકાગ્ર કરશે નહિ ત્યાંસુધી તેને કોઇ પ્રકારનો લાભ થઇ શકશે નહિ. એવીજ રીતે કોઇને કાંઇ વ્યાધિ થાય તો જ્યાંસુધી તે વ્યાધિગ્રસ્ત મનુષ્ય પોતે ઔષધનું સેવન નહિ કરે ત્યાંસુધી સર્વ ઔષધો તેને માટે નિષ્ફળ અને નિરૂપયોગી છે. આપણાં પોતાનાં પેટની પીડા દુર કરવા માટે અન્ય માણસને ઔષધ ખવરાવવાથી કંઇ પણ ફલ પ્રાપ્ત થતું નથી. આપણા રોગની નિવૃત્તિ અર્થે આપણે પોતે જ યોગ્ય ઔષધનું સેવન કરવું જોઇએ. ધર્મના સંબંધમાં પણ એમ જ છે. જ્યાંસુધી પ્રત્યેક વ્યક્તિ ધર્મને પોતાનાં જીવનનો આધાર ન બનાવે અને મારૂં જીવન એ ધર્મ ઉપર જ નિર્ભર છે—મારા જીવનને હું એ ધર્મદ્વારા જ સુધારી શકીશ એવા પ્રકારનો દૃઢ વિશ્વાસપૂર્વક સંકલ્પ ન કરે ત્યાંસુધી જગતના સર્વ ધર્મોના સિદ્ધાંતો તેને માટે કંઇ પણ કામના નથી. ધર્મ આગગાડી સમાન નથી કે જેમાં સર્વ જાતની સામગ્રી તૈયાર હોય છે અને બેસવાવાળાને માત્ર ટીકીટના પૈસા જ આપવા પડે છે અને બાકીનું સર્વ કાર્ય અન્ય લોકો કરી લે છે. ધર્મમાં તો સર્વ કાર્યો મનુષ્યને પોતાને જ કરવાં પડે છે. અન્યની સહાયતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગમે તેટલી લે, તોપણ મનુષ્યને પોતાના ઉપર નિર્ભર રહેવું પડે છે. આપણે એમ સમજવાનું નથી કે આપણે ગાડીના માત્ર મુસાફરો છીએ; પરંતુ એમ સમજવું જોઇએ કે ગાડીના ચલાવનારાજ આપણે પોતે છીએ; આપણેજ ગાડીના એન્જીનીયર અને ડ્રાઇવર છીએ, અને ગાડી આપણું જીવન છે. આપણે આપણા પોતાના ઉપર નિર્ભર રહેવું જોઇએ. એમ ન બને તો જીવન વ્યર્થ છે–શુષ્ક છે. એ પ્રકારના જીવનથી કશો લાભ થતો નથી એ નિર્વિવાદ છે.

બીજા મનુષ્યો આપણા માટે જે કાંઇ કરી શકે છે તે એ છે કે તેઓ આપણને પ્રસંગ આપી શકે છે. આપણે એવા પ્રસંગોનો લાભ લેવા કદી ચુકવું જોઇએ નહિ; પરંતુ હમેશાં એવા પ્રસંગોની શોધમાંજ રહેવું જોઇએ. આપણું જીવન અનેક પ્રસંગોનો સમૂહ છે અને જીવનમાં એક પછી એક પ્રસંગ આવ્યા કરે છે. આ પ્રસંગોનો આપણી ઇચ્છામાં આવે તેવો સારો અથવા ખરાબ ઉપયોગ આપણે કરી શકીએ છીએ. જો આપણી ઇચ્છા જીવનનો સદુપયોગ કરવાની હોય તો મળેલા પ્રસંગોને જવા દેવા જોઇએ નહિ અને એમાંથી શુભ પરિણામ મેળવવા માટે યથાશક્તિ ઉદ્યોગશીલ રહેવું જોઇએ.

પ્રાચીન કાળમાં રસાયણ બનાવનારા લોકો પ્રાય: એમ કહેતા કે માત્ર એક વસ્તુની ખામી રહી ગઇ. જો એ વસ્તુ પ્રાપ્ત થઇ જાય તો ત્રાંબામાંથી સોનું નિપજાવી શકાય. આચરણમાં પણ આમ જ બને છે. અનેક મનુષ્યો એવા જોવામાં આવે છે કે જેઓનો દેખાવ ઘણો સુંદર હોય છે, જેઓનું જ્ઞાન પણ વિશાળ હોય છે, જેઓની ધર્મબુદ્ધિ પણ વિકસ્વર થયેલી હોય છે; પરંતુ તેઓમાં એક વસ્તુની ન્યૂનતા દૃગ્ગોચર થાય છે અને તે નહિ હોવાથી તેઓ જીવન–સાફલ્ય પ્રાપ્ત કરી શકતા નથી. આ વસ્તુ બીજી કંઇ નહિ પણ આત્મનિર્ભરતા છે. ભલે માણસ સર્વગુણસંપન્ન હોય, તોપણ જો આ એક ગુણ તેનામાં હોતો નથી તો સર્વ ગુણો વ્યર્થ છે. આત્મનિર્ભરતાના પ્રભાવથી તે સર્વ ગુણો એકત્રિત બનીને અમુક પ્રકારની એક જીવનશક્તિ પેદા કરે છે અને તેથી ઇષ્ટ કાર્યમાં સફલતા મળતાં વાર લાગતી નથી. જે મનુષ્યમાં આત્મનિર્ભરતા નથી હોતી તેનું આત્મબળ ક્ષીણ થતું જાય છે, તેને પ્રત્યેક કાર્યમાં સંદેહ રહે છે અને તે જે કંઇ કરે છે તે સઘળું અચકાતાં અચકાતાં કરે છે, તેને દરેક કાર્ય કરવામાં ભય લાગે છે અને રાત્રિદિવસ એજ ચિંતા રહ્યા કરે છે કે પોતે કરેલા પરિશ્રમનું સુફળ મળશે કે નહિ. તે હમેશાં કોઇની સહાય્યની અપેક્ષા રાખ્યા કરે છે. તેનામાં એટલું આત્મબળ નથી હોતું કે તે પોતે વિચાર કરે અને જે પોતાને ઉચિત જણાય તે કાર્ય કરી નાંખે. આ કોટિના મનુષ્યો પોતાની કાયરતા અને ખોટી મોટાઇને વશ થઇને પ્રત્યેક નિષ્ફળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાનો દોષારોપ બીજાને માથે મુકે છે. તેને હમેશાં એમજ થયા કરે છે કે લોકો મારી કદર બરાબર કરતા નથી, મારૂં કાંઇ માન જાળવતા નથી અને મને તુચ્છ સમજે છે. તે પોતાના મનમાં સમજે છે કે જનસમાજ મારા માટે પ્રતિકૂળ વિચારો કર્યા કરે છે: પોતાના દોષો શોધી કાઢીને તે દૂર કરવા માટે કદિ પણ તે પ્રયત્નશીલ બનતો નથી, અને હમેશા અન્ય લોકોને પોતાના દ્વેષી અને શત્રુ માન્યા કરે છે. આવા માણસોને શાંતિ અપ્રાપ્ય અથવા દુષ્પ્રાપ્ય છે. તેને શાંતિની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે ? તેને તો હમેશાં એજ ચિંતા રહ્યા કરે છે કે સંસારમાં મારી જેવો કોઇ માણસ દુઃખી નહિ હોય, કોઇ મારા જેટલો દરિદ્ર નહિ હોય અને કોઇને પોતાનાં કાર્યમાં મારા જેટલી નિષ્ફળતા મળી નહિ હોય.

આથી ઉલટું, જે મનુષ્યોમાં આત્મ-નિર્ભરતા હોય છે તેઓના વિચારો જુદા જ પ્રકારના હોય છે. તેને તો હમેશાં એ જાણવાની ધુન લાગેલી હોય છે કે મારામાં કયા કયા દુર્ગુણો રહેલા છે અને હું એ સર્વને કેવી રીતે દૂર કરી શકું. તેને આ વાતનું સંપૂર્ણ ભાન થયું હોય છે કે બાહ્ય પ્રભાવોને જીતવાની મારામાં શક્તિ રહેલી છે. તે સારી રીતે જાણતો હોય છે કે જીંદગીમાં અનેક કઠિનતાઓ ઉપસ્થિત થાય છે. જે જે મહાપુરૂષો થઇ ગયા છે તે સર્વને અનેક વિપત્તિઓ અને મુશ્કેલીઓની સામા થવું પડયું હતું. આપત્તિઓથી ડરવું એ કાયર પુરૂષોનું કામ છે. આપત્તિઓની સામા થવામાં અને તે સહન કરવામાં જ ખરૂં વીરત્વ રહેલું છે. તે એમ સમજે છે કે પોતાને જે નિષ્ફળતા મળી છે તે સ્થાયી નથી, પરંતુ ક્ષણમાત્રને માટે જ છે. તેથી નિષ્ફળતાથી નિરાશ થવું જોઇએ નહિ. સતત ઉદ્યોગપરાયણ રહેવાથી એક દિવસ સફળતા મળશે જ. જેવી રીતે રેલ્વેની મુસાફરી કરતાં કોઇ કોઇ સ્થળે બન્ને બાજુએ ટેકરીઓ હોવાથી અલ્પ સમયને માટે અંધારૂં થઇ જાય છે, પરંતુ તે રસ્તામાંથી નિકળ્યા પછી ઉજ્વળ પ્રકાશ નીકળે છે તેવીજ રીતે આપણાં જીવનમાં પણ તેમજ બને છે. નિષ્ફળતાનું અંધારૂં અલ્પ સમયપર્યંત પ્રવર્તમાન રહે છે, પરંતુ તે પછી સફળતાનું ઉજ્વળ તેજ પ્રકાશમાન થાય છે.

તે મનુષ્યો જ સૌથી અધિક બલવાન ગણાય છે કે જેઓમાં આત્મનિર્ભરતાના ગુણોનો સંચાર થયેલો હોય છે. જે ગુણમાં સર્વ આવશ્યકીય ગુણોનો સમાવેશ થઇ જાય છે. અને જો એમ નથી હોતું તો તે મનુષ્યોને બલહીન લેખવામાં આવે છે. આવા મનુષ્યોનું અધઃપતન થવામાં એક ક્ષણની પણ વાર લાગતી નથી. આવા પ્રકારના મનુષ્યોથી વસાયલો દેશ સર્વદા શત્રુઓના પંજામાં દબાયલો રહે છે; જેથી શત્રુઓ તેઓનો નાશ ક્ષણવારમાં કરી શકે છે. આવો દેશ કદિ પણ પરતંત્રતાની ધુસરીથી મુક્ત થઇ સ્વતંત્રતા ભોગવી શકતો નથી, અને સર્વદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાસત્વની બેડીઓમાં જકડાયલોજ રહે છે. કોઇ પણ દેશ વા જાતિની સ્વતંત્રતાનો આધાર એકજ વાત પર રહેલો છે, જે એ છે કે તે દેશ વા જાતિની વ્યક્તિઓમાં આંતરબળ કેટલું રહેલું છે અને તેઓ પોતે પોતાની સ્થિતિને અચળ રાખી શકે એમ છે કે નહિ. શત્રુઓથી સુરક્ષિત રહેવા માટે પોતામાં બલની આવશ્યકતા છે. જેમ સમષ્ટિને માટે આ નિયમ છે તેમ પૃથક્ પૃથક્ વ્યક્તિઓને માટે પણ એ નિયમજ છે; કારણકે વ્યક્તિઓના સમૂહથી જાતિ અથવા દેશ બનેલો હોય છે. કોઇ પણ દેશ વા જાતિનો ઇતિહાસ ભિન્ન ભિન્ન વ્યક્તિઓના જીવનચરિતોનો સંગ્રહ છે. ઇતિહાસ અને જીવનચરિતોમાં એટલો જ ભેદ છે કે દેશ અથવા જાતિના જીવનચરિતને ઇતિહાસ કહેવામાં આવે છે અને વ્યક્તિઓના ઇતિહાસને જીવનચરિત કહેવામાં આવે છે.

આ એક સર્વમાન્ય બાબત છે કે જે મનુષ્ય આપત્તિને સમયે દૃઢ રહે છે અને મુશ્કેલીઓની સામે વીરતાપૂર્વક થાય છે તેજ પોતાના આંતરલબળ ઉપર નિર્ભર રહી શકે છે. તેને કોઇ અન્ય માણસની સાહાય્યની અથવા સહાનુભૂતિની અપેક્ષા હોતીજ નથી. તે પોતે પોતાના ઉપરજ નિર્ભર રહે છે. જો કદાચ કોઈ મનુષ્ય અથવા કોઈ સમાજ બીજાના ઉપર નિર્ભર રહીને કાર્ય કરે છે તો સમજવું કે તેની અવનતિનો સમય નજીક આવ્યો છે અને તેનું અધઃપતન થવામાં હવે જરા પણ વાર નહિ લાગે. ઇતિહાસનાં વાંચનથી સહુ કોઈને સુવિદિત છે કે જ્યાંસુધી મુગલ પાદશાહો પોતે કાર્ય–તત્પર રહેતા હતા ત્યાંસુધી મુગલ સામ્રાજ્યની ચઢતી દશા હતી અને મુગલ પાદશાહો અખિલ ભારતવર્ષના સમ્રાટ્ બની રહ્યા હતા; પરંતુ જ્યારથી તેઓએ પોતાના કાર્યોની લગામ પોતાના કર્મચારીઓના હાથમાં સોંપી અને તેઓ પોતે મોજશોખ–એશઆરામ ભોગવવા લાગ્યા ત્યારથી અવનતિના ચિહ્નો દૃષ્ટિગત થવા લાગ્યા અને છેવટે મુગલ સામ્રાજ્યનું અધઃપતન પલવારમાં થઇ ગયું. રોમવાસીઓની પણ આવીજ દશા થઇ હતી. જ્યારથી રોમવાસીઓએ સ્વાવલંબનનો ત્યાગ કર્યો અને પોતાનાં કાર્યો યુદ્ધમાં પકડાયલા કેદીઓને સોંપ્યા ત્યારથી તેઓના દેશનાં અધઃપતનનો આરંભ થયો અને તે લોકોમાં આલસ્ય, ભીરૂતા, દુર્બલતા અને કાયરતા આદિ દુર્ગુણોનું પ્રાબલ્ય વધવા લાગ્યું. આનું પરિણામ એ આવ્યું કે રોમવાસીઓ જેવા બલવાન અને વિજયી લોકો નિર્બળ અને સાહસહીન બની ગયા. આ ઐતિહાસિક બીનાથી સાબીત થાય છે કે બીજા લોકો ઉપર નિર્ભર રહેવાથી મનુષ્ય નિર્જીવ અને નિર્બળ બની જાય છે અને તે પુરૂષત્વના ગુણથી રહિત થઇ જાય છે. આટલું તો ચોક્કસ છે કે આત્મનિર્ભરતા જેવા મહાન સદ્ગુણની પ્રાપ્તિ માટે અનેક મુશ્કેલીઓ સહન કરવી તે પુરૂષોનું કાર્ય છે અને સંસારમાં એજ કર્ત્તવ્યનો માર્ગ છે, એજ જીવનસંદેશ છે. ઘણા મનુષ્યો એટલા બધા આળસુ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુસ્ત અને દુર્બળ હોય છે કે કોઇ મુશ્કેલીની સામે થવાની અથવા તે સહન કરવાની વાત તો દૂર રહી, પણ પોતે પોતાનાં શરીરનો ભાર પણ ઉપાડી શકતા નથી અને સ્હેજસાજ સૂર્યની ગરમી પણ સહન કરી શકતા નથી. આ પ્રકારના મનુષ્યો કેવળ ભોગવિલાસમાં પોતાનું જીવન વહન કરે છે અને જગત્માં કંઇ પણ ઉપયોગી કાર્ય કરી શકતા નથી.

જે સમયે ઇરાનનો પાદશાહ નાદિરશાહ દિલ્હી સુધી પહોંચ્યો અને તેણે લુંટફાટ શરૂ કરી તે સમયે દિલ્હીનો પાદશાહ મહમ્મદશાહ પોતાના મ્હેલમાં મોજ કરી રહ્યો હતો. જ્યારે નાદિરશાહ શાંતિ ધારણ કરીને દિલ્હીના સમ્રાટને મળવા આવ્યો તે સમયે બન્ને વચ્ચે થયેલી વાતચીતનો ઉલ્લેખ અત્ર અસ્થાને નહિ ગણાય. ઉન્હાળાની રૂતુ હોવાથી મહમ્મદશાહે બારીક મલમલનું પેરણ પહેર્યું હતું, તેની બન્ને બાજુએ પંખા ચાલી રહ્યા હતા અને ગુલાબજળ છંટાતું હતું. આવી રીતે મહમ્મદશાહ નાદિરશાહનો સત્કાર કરવા માટે દરવાજા સુધી આવ્યો હતો. ગરમી સખ્ત હતી છતાં નાદિરશાહે જાડો ડગલો પહેર્યો હતો. જ્યારે મહમ્મદશાહે નાદિરશાહને આવા પોશાકમાં જોયો ત્યારે તેને આશ્ચર્ય થયું અને તેણે કહ્યું કે–" આપ આવી સખ્ત ગરમીમાં આવો જાડો ડગલો કેવી રીતે પહેરી શકો છો ? " નાદિરશાહે જવાબમાં જણાવ્યું કે–" પાદશાહ સલામત, આ ડગલો પહેરીને હું ઇરાનથી હિંદુસ્તાન સુધી આવ્યો છું, જ્યારે આપ આ બારીક પેરણ પહેરીને દરવાજા સુધી પણ મહા મુશીબતે પહોંચી શકયા છો તે જોઇ મને આશ્ચર્ય થાય છે. " આનું તાત્પર્ય એ છે કે કષ્ટ અથવા મુશીબતો સહન કરનાર મનુષ્ય સઘળું કરી શકે છે; પરંતુ નાજુક યાને મુલાયમ તબિયતવાળા મનુષ્યથી કંઇ પણ કાર્ય થઇ શકતું નથી. તેથી જ જો કોઇ પણ મનુષ્યને ઉચ્ચ પદ પર પહોંચવાની અભિલાષા હોય તો તેણે પોતે પોતાના ઉપર નિર્ભર રહેવું જોઇએ. જે બાબતમાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેમાં બીજા ઉપર કદિ પણ નિર્ભર રહેવું જોઇએ નહિ. અત્ર એક વાત સ્મરણમાં રાખવાની છે કે હું સર્વ કાંઇ કરી શકું છું એવો ખોટો ઘમંડ રાખવો તેનું નામ આત્મનિર્ભરતા નથી. પ્રત્યેક કાર્ય કરવાની શક્તિનેજ આત્મનિર્ભરતા કહેવામાં આવે છે. આત્મનિર્ભર મનુષ્ય એક મજબૂત સ્તંભ સમાન ગણાય છે.

આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે એ જરૂરનું છે કે મનુષ્યે બીજાઓને સહાયતા કરવાને તૈયાર રહેવું, પરંતુ પોતે કોઇની સહાયતાની શોધમાં રહેવું જોઇએ નહિ. જીવનના આરંભકાળથી પ્રત્યેક મનુષ્યે એમજ માનવું કે આ જીવન એક એવા પ્રકારનું યુદ્ધ છે કે જેમાં મારે પોતાનેજ લડવાનું છે અને યોદ્ધા બનવાનું છે. આ યુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માં ભાડુતી લશ્કરથી કામ ચાલતું નથી અને બીજાઓના લડવાથી વિજય પ્રાપ્ત કરી શકાતો નથી. વળી આ યુદ્ધમાં ઉતર્યા વગર પણ ચાલી શકે તેમ નથી. યુદ્ધમાં ન ઉતરવું અથવા તેમાંથી નાશી જવું તેનું નામજ મૃત્યુ છે. અન્ય મનુષ્યો તમને સાહાય્ય કરી શકે તેમ નથી. તેઓને પોતાનાં અનેક કાર્યો કરવાનાં હોય છે. તમને સહાયભૂત થવા જેટલો તેઓને અવકાશ નથી; માટે જ તમારે પોતાને જ લડવું પડશે. આ જીવન-સંગ્રામમાં વિજય પ્રાપ્તિનો એકજ ઉપાય છે અને તે આત્મનિર્ભરતા જ છે.

જે જે વસ્તુઓની તમે તમારામાં ન્યૂનતા જુઓ તે પૂર્ણ કરવાનો ઉદ્યોગ આદરો. જો તમારી ઇચ્છા વાતચીત કરતા શીખવાની હોય તો તમે એવા કાર્યોમાં પ્રવૃત્ત બનો કે જેમાં તમારે બોલવાની જરૂર પડે. જો તમારૂં ચિત્ત શોકાતુર રહેતું હોય અને તમારો સમય આનંદમાં વ્યતીત ન થતો હોય તો તમારે હસમુખા મનુષ્યોની સંગતિ કરવી જોઇએ. આમ કરવામાં તમને ગમે તેટલું કષ્ટ વેઠવું પડે એમ હોય તોપણ તેની પરવા ન કરો. કદિ તમને તમારામાં કોઈ શક્તિનો અભાવ માલુમ પડે, પરંતુ એ શક્તિ કોઈ અન્ય મનુષ્યમાં જોવામાં આવતી હોય તો તમારે તેની ઇર્ષ્યા કદાપિ કરવી જોઈએ નહિ; તેમજ તે જોઇને તમારે મનમાં શોચ કરવો જોઇએ નહિ; પરંતુ તમારે તેને જોઇને પ્રસન્ન અને આનંદિત બનવું જોઇએ અને તેણે ઉક્ત શક્તિ જે માર્ગથી મેળવી હોય તે માર્ગથી તમારે તે મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. તમે આત્મનિર્ભરતા ઉપર વિશ્વાસ રાખો અને તમારાં પોતાનાં કર્ત્તવ્યનું રૂડી રીતે પાલન કરવામાં પ્રવૃત્તિશીલ રહો. તે શક્તિ તમને અવશ્ય પ્રાપ્ત થશે જ. પ્રત્યેક વ્યક્તિએ જાણવું જોઈએ કે તે પોતે એક મહાન ખજાનો છે એટલુંજ નહિ પણ એક મોટી ખાણ છે, જે અમૂલ્ય રત્નોથી ભરેલી છે. તે રત્નોને ઉદ્યોગ કરીને બહાર પ્રકાશમાં આણવાની જ માત્ર આવશ્યકતા છે; પરંતુ એટલું યાદ રાખવું જોઇએ કે હાથ પગ ચલાવ્યા વગર તેની પ્રાપ્તિ થઇ શકતી નથી.

પ્રત્યેક મનુષ્યની ફરજ છે કે તેણે દિવસાનુદિવસ પોતાની ઉન્નતિ કરવી જોઇએ અને કર્ત્તવ્યપથમાં આગળ પ્રગતિમાન બનવું જોઇએ. પ્રાયે કરીને મનુષ્યો બીજાની સાહાય્યથી આગળ વધવાને પ્રયત્ન કરે છે, પરંતુ તે ભૂલભરેલું છે. બીજાની સાહાય્યથી આગળ વધવાને બદલે પોતે પોતાનાં બળથી જ આગળ વધવાને સતત પ્રયત્નો કરવા જોઈએ. આમ કરવાથીજ દિનપ્રતિદિન ઉન્નતિ થતી રહેશે અને સર્વ દિશામાં પ્રગતિ વધતી જશે. જગતમાં જે જે મનુષ્યોએ પોતાની ઉન્નતિ સાધી છે તે સહુએ એકજ વાત પર પૂર્ણ લક્ષ આપ્યું છે કે પ્રતિદિન પાછલા દિવસ કરતાં અધિક ઉન્નતિ થવી જોઇએ. "પરમ દિવસ કરતાં ગઇ કાલે હું કંઇક આગળ વધ્યો છું અને કાલ કરતાં આજે વિશેષ આગળ વધી શકયો છું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને આજ કરતાં આવતી કાલે જરૂર વધારે આગળ વધાશે.” એ વિચાર પર સફળતાનો મુખ્ય આધાર રહેલો છે. બીજા લોકોની સાથે તુલના અથવા સ્પર્ધા કરવી અને તેનાથી આગળ વધી જવાને ઉદ્યોગશીલ બનવું એ નિઃસંદેહ સ્તુત્ય છે; પરંતુ પોતાની જાતને જ પ્રતિદિન આગળ વધારવાને ઉદ્યોગ કરવા જેટલું તે સ્તુત્ય ન ગણાય. આત્મનિર્ભરતાથી એ વાત પ્રાપ્ત થાય છે અને એ વાતથી આત્મનિર્ભરતાની પ્રાપ્તિ થાય છે. બન્નેનો પરસ્પર ગાઢ સંબંધ છે. આમ હોવાથી મનુષ્યમાત્રનું કર્ત્તવ્ય છે કે સૌએ પોતપોતાની ઉન્નતિ સાધવામાં મગ્ન રહેવું અને મુશ્કેલી અથવા ભયને વખતે હતાશ બની જવું જોઇએ નહિ. કેટલીક મુશ્કેલીઓ એવા પ્રકારની હોય છે કે જ્યાંસુધી તેનાથી આપણે બ્હીએ છીએ ત્યાંસુધી તે અત્યંત અસહ્ય જણાય છે, પરંતુજ્યારે તે મુશ્કેલીઓને જીતવાનો પ્રયત્ન આદરવામાં આવે છે ત્યારે તે તુચ્છ ભાસે છે.

આત્મનિર્ભર મનુષ્યો બીજાઓના આશ્રયે કદિ પણ રહેતા નથી. તેઓ પોતેજ પોતાને માટે વિચાર કરે છે, ઉદ્યોગ કરે છે અને પોતાના ઉપર જ નિર્ભર રહે છે. આ ઉપરથી એમ સમજી લેવાનું નથી કે આમ કરવામાં આપણે આપણા હિતચિન્તકોની શિખામણ પણ સાંભળવી નહિ. જો તેઓ આપણને ખરા દિલથી માર્ગ બતાવે તો તે ઉપર આપણે અવશ્ય લક્ષ આપવું જોઇએ; પરંતુ જગતમાં સાચા હિતચિન્તકો ઘણા થોડા જોવામાં આવે છે. આપત્તિ અથવા ભયને સમયે સત્ય હિતચિંતકોની જરૂર પડે છે, પરંતુ પ્રાયઃ એવુંજ જોવામાં આવે કે જેઓ ખરા મિત્રો બન્યા હોય છે તેઓ ભય અથવા દુઃખ આવી પડે છે ત્યારે ખસી જાય છે. દુઃખના સમયમાં સહાયભૂત થનારા મિત્રો વિરલ હોય છે. તેથી આપત્તિના સમયમાં મનુષ્યે પોતાના પગ ઉપર ઉભા રહેતાં શીખવું જોઇએ. જેમ જેમ મનુષ્ય આપત્તિને સહન કરે છે તેમ તેમ તે સબળ બનતો જાય છે અને ક્રમશઃ અન્ય મનુષ્યોને સહાયભૂત થવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. જેથી પરિણામે તેનાં જીવનથી હમેશાં બીજાઓને સાહાય્ય મળ્યા કરશે અને તે પોતે આત્મનિર્ભરતાનાં મહત્વનું એક જ્વલંત ઉદાહરણ ભવિષ્યની પ્રજાને પુરૂં પાડવા શક્તિવાન થઇ શકશે.

મતિજ્ઞાન.

(૨)

પાંચ ઈન્દ્રિયોનું સ્વરૂપ

સંસાર–પરિભ્રમણશીલ આત્મા જ્યાંસુધી પરમાત્મ અવસ્થાને ન પ્રાપ્ત કરે ત્યાંસુધી તેનો ક્રમીક વિકાસ જડ પદાર્થોનાં સાધનો દ્વારા થવા નિર્માયો છે. અત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મા જડ પદાર્થોના ગર્ભમાં ચોતરફ વિંટળાએલો છે તેના વિચારનું સહજ સ્ફુરણુ સરખું પણ જડની સહાય વિના બની શકે તેવું નથી.

આમ હોઇને આત્મા અત્યારની તેની કર્માવૃત સ્થિતિમાં જે જ્ઞાન પ્રાપ્ત કરે છે, તે તેના મનરૂપી અંતરનાં સાધન, અને ઇન્દ્રિયોરૂપી બાહ્ય સાધનોદ્વારા પ્રાપ્ત કરે છે. આત્મા જેમ જેમ વિકાસના માર્ગમાં આગળ વધતો ચાલ્યો, તેમ તેમ તેના આ આંતર બાહ્ય કરણો અથવા સાધનો વધારે વધારે ઉપયોગી, કાર્યકર અને સંસ્કારોને ગ્રહણ કરવા માટે વધારે યોગ્યતાવાળા બનતા ચાલ્યા. મનુષ્યને અત્યારે જે પાંચ ઈન્દ્રિયો દ્વારા સંસ્કારો ગ્રહણ કરવાની લબ્ધી પ્રાપ્ત થએલી છે તેનો વિકાસ થઇ તેને અત્યારની ઉચ્ચ અવસ્થામાં આવતા સેંકડો યુગ વીતી ગયા છે. મનુષ્યના આત્મારૂપે અભિમાન ભોગવતું આપણું વર્તમાન ચૈતન્ય સ્ફુલીંગ જ્યારે એકેન્દ્રિયમાં હતું તે કાળે બાહ્ય ઇન્દ્રિઓ સંબધે તેની કેવી અવસ્થા હતી, અને ક્રમે ક્રમે તે કેવી અવસ્થાઓમાં પસાર થતા થતા તે હાલની અવસ્થામાં આવેલો છે તેનું સવિસ્તર વિવેચન અત્રે અસ્થાને ગણાય. તેથી તે વિષયમાં અમે ઉતરતા નથી. અત્યારે આ વિષયમાં આપણને જે પાંચ ઇન્દ્રિઓ પ્રાપ્ત થએલ છે તે ભૂમિકાથી શરૂ કરીને વિવેચન કરીશું.

બાહ્ય જગતનું સર્વ જ્ઞાન આત્મા ઇન્દ્રિયો દ્વારા ઉપલબ્ધ કરે છે. જ્ઞાનને આવવા માટે તે એક પ્રકારનાં બારણાં છે. આ બારણાંઓ જો પુરેપુરા, તેમની સ્વાભાવિક યોગ્યતા પ્રમાણે, ખુલ્લાં ન રાખવામાં આવે તો, એટલે કે અરધા ખુલ્લા અથવા ન્યૂનાધિક બંધ કે ખુલ્લા રાખવામાં આવે તો જે સંસ્કારો પ્રાપ્ત થાય તે અપૂર્ણ, સ્વલ્પ અને વિકૃત સ્વરૂપે થવાના એ ઉઘાડું છે. આ દ્વારોના માર્ગમાં જેટલે અંશે કચરો, અશુદ્ધિ કે અંતરાયો હશે તેટલે અંશે તે દ્વારા પ્રાપ્ત થતા સંસ્કારો મળયુક્ત, અશુદ્ધ અને ભાંગ્યા તુટ્યા સ્વરૂપમાં આવે છે. આપણાં સંસાર–જીવનની ઉત્તમતા અથવા અધમતા ઇન્દ્રિયોની ઉત્તમતા અથવા કનિષ્ટતા ઉપર અવલંબીને રહેલી છે. તેની બાહ્ય પ્રકૃતિનાં સ્વરૂપ ઉપર જ તેનું સર્વસ્વ નિર્ભર છે.

ઇન્દ્રિયો વિનાનું એકલું મન ગમે તેટલું ઉત્તમ કોટિનું હોય તોપણ તે આત્માને કશા ઉપયોગનું નથી. પાંચે ઇન્દ્રિયોદ્વારા ઉપલબ્ધ થતા સર્વ સંસ્કારોને આપણે આપણા જીવનમાંથી બાદ કરી આપણા સ્વરૂપને કલ્પીએ તો તે સ્થિતિ એક નિદ્રા જેવી જણાય છે. જેમ જમીનમાં પડેલું, પરંતુ ઉગવાની યોગ્યતા વિનાનું બીજક નિષ્ફળ છે તેમ ઇન્દ્રિયોની સહાય વિનાનું એકલું મન પણ નિષ્ફળ છે. એકલું મન ચોતરફથી મજબુત પથ્થરોથી ચણી લીધેલ ઓરડા જેવું છે. તેમાં કાંઇ પણ પ્રકાશ જઇ શકતો નથી.

ઇન્દ્રિયોદ્વારા મનમાં આવતા સંસ્કારોને મન પોતાની ઉચ્ચતા અને વિક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિતપણાની કળાના પ્રમાણમાં ગોઠવી શકે છે. એકજ પ્રકારના ઇન્દ્રિયપ્રાપ્ત સંસ્કારોને જુદી જુદી યોગ્યતાવાળા મનો જુદા જુદા પ્રકારે ગોઠવી જુદા જુદા પ્રકારનો ભાવ અનુભવે છે. એકજ વૃક્ષને અવલોકીને એક વનસ્પતિવેત્તા તેના વનસ્પતિ–વિભાગની કોટિનો નિર્ણય કરે છે, એક વૈદ્ય તેનાવડે શરીરમાં પ્રગટવા યોગ્ય શુભાશુભ અસરો નક્કી કરે છે, એક સુતાર તેના કાષ્ટની ગૃહ-નિર્માણ માટેની યોગ્યતાના વિચાર બાંધે છે, ચૈતન્ય વિજ્ઞાનશાસ્ત્રી તેનાં પત્ર, પુષ્પ, ફળ, ફુલ વિગેરેના સૂક્ષ્મ વિભાગોનું અવલોકન કરી તેની સજીવતા સિદ્ધ કરે છે, એક કવિ કળાભિજ્ઞ, કે કુદરતવેત્તાને તે વૃક્ષની સાથે પોતાનો આત્મગત સંબંધ ભાસે છે અને તેમ છતાં તે બધાની ઇન્દ્રિયો માત્ર વૃક્ષ જ જુએ છે. જુદા જુદા પ્રકારના અનુભવોનો ભેદ માત્ર મનની જુદા જુદા પ્રકારની સ્થિતિ અને વિચારપદ્ધતિની વિશિષ્ટતાને લઇને નિર્માએલો હોય છે. એકજ સામાન્ય ભાસતા પ્રસંગમાંથી જ્યારે હું કે તમે કાંઈ જ રહસ્ય ખેંચી શકતા નથી ત્યારે તે પ્રસંગને જોઇને એક ઉત્તમ નાટ્યકાર એક હૃદયંગમ અને મનોજ્ઞ વસ્તુ ઉપજાવી ત પ્રસંગને એક અદ્દભુત રસમયતા અર્પી શકે છે; પરંતુ તે માટે જે બાહ્ય સંસ્કારો જોઇએ તે ઇન્દ્રિયોની સહાય વિના મળી શકે નહી. જેમ શરીરનાં પોષણ અને સંરક્ષણ માટે આપણને બાહ્ય અન્નની જરૂર છે તેમ મનને પણ પોષણ માટે જે સંસ્કારો જોઇએ તે ઇન્દ્રિયોદ્વારા બહારથી જ મેળવી શકાય તેમ છે. આપણું મન અત્યારે જે કાંઇ છે તે બહારથી પ્રાપ્ત કરેલા સંસ્કારના ગુણોવડે છે. સંસ્કારો કાંઈ મન સ્વત: ઉપજાવી શકતું નથી. આપણને ઉપલક દ્રષ્ટિએ કદાચ એમ ભાસે કે ઇન્દ્રિયોની સહાય વગર ઘણા સંસ્કારો આપણે મનોમય રીતે પ્રગટાવી શકીએ છીએ, પરંતુ તેમ માનવામાં એક પ્રકારની ભ્રાન્તિ છે. જે સંસ્કાર અથવા ભાવના આપણે આપણાં મનમાં ઇન્દ્રિયોની મદદ વગર મનોમય રીતે ઉપજાવ્યાનું માનીએ છીએ તે વસ્તુત: નવો નથી હોતો, પરંતુ કોઈ અજ્ઞાત ભૂતકાળમાં ઇન્દ્રિયોદ્વારા પ્રાપ્ત કરેલો હોય છે. એ કાળ અત્યારે આપણને સ્મૃતિમાં નથી, તેથી તે સંસ્કારને આપણે સ્વત: ઉદ્દભૂત માનીએ છીએ. અનંત સંસ્કારો આપણને ગત અનંતભવો દરમ્યાન મળેલા છે. અને તે સર્વ આત્માની સ્મૃતિના અગાધ, અજ્ઞાત પ્રદેશ ઉપર પડેલા છે. પરંતુ એ સર્વ ઇન્દ્રિયોની સહાયથી એક કાળે મેળવાએલા હતા એ ધ્રુવ સત્ય છે.

ઇન્દ્રિયોની સંખ્યા અને ગૃહણશક્તિનાં પ્રમાણમાં આપણે બાહ્ય વિશ્વમાંથી સંસ્કારો મેળવી શકીએ છીએ. બહારના જગતનું સ્વરૂપ આપણે આપણી ઇન્દ્રિયો દ્વારા નક્કી કરીએ છીએ. વસ્તુત: આ વિશ્વ કેવું હશે તે હું કે તમે કોઈ જાણતા નથી; કેમકે ઇન્દ્રિયો જે સંસ્કારો ગૃહણ કરી મનને આપે, અને મન જે પ્રમાણે તેનો ઘાટ ઘડી નક્કી કરે તે સ્વરૂપે આપણે વિશ્વ અને તેના પદાર્થોને માનીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધારો કે આપણુને સર્વને એકજ ઇન્દ્રિય છે, તેમ હોય તો આ જગત આપણે માટે અત્યારે છે તેના કરતાં પાંચમા ભાગના રહસ્યવાળું રહેવાનું. કેમકે બાકીની ચાર ઇન્દ્રિયોવડે ભાનમાં આવતો વિશ્વનો હિસ્સો આપણે માટે નહીં હોવા તુલ્ય બની ગયેલો હોય છે. તે પછી એક ઇન્દ્રિય વધીને બે ઇન્દ્રિય થાય તો વિશ્વ પ્રથમ કરતાં બેવડાં રહસ્ય કે મર્મયુક્ત થાય છે; કેમકે આપણું જ્ઞાન તેટલે દરજ્જે વધ્યું. તેજ પ્રમાણે ઇન્દ્રિયોની સંખ્યા વધતી જાય તેમ તેમ વિશ્વનાં સ્વરૂપનો પ્રકાર પણ વધતો જવાનો અને તે અધિક અધિક રહસ્યપૂર્ણ બનતું જવાનું; કેમકે આપણું મન વધતી જતી ઇન્દ્રિયો સાથે વધતું વધતું વિશ્વનું રહસ્ય જોઈ શકે છે. વસ્તુતઃ વિશ્વમાં કશી વધઘટ થતી નથી. જે કાંઇ ન્યૌન્યાધિક્ય થાય છે તે માત્ર આપણી સંસ્કારગ્રહણની શક્તિ અને દ્વારોનું છે.

તેજ પ્રમાણે એક પશુ, બાળક, સામાન્ય મતિવાળો મનુષ્ય અને વિદ્વાન, એ સર્વેને એક સરખી પાંચ ઇન્દ્રિયો હોવા છતાં બધાનું વિશ્વ એક સરખું હોતું નથી. પશુની સ્વાદેન્દ્રિય ઘણી સ્થૂળ, સ્વાદોની સૂક્ષ્મતાના ભેદોથી અજ્ઞાત, અને જાડ્યતાવાળી હોય છે. પશુ કરતાં મનુષ્યોની ઇન્દ્રિયો ભેદોને પારખવાની અધિક યોગ્યતાવાળી અને ઉત્કટ હોય છે. બાળકની ચક્ષુઓ માત્ર ઉપર ટપકેથીજ બધું જુએ છે. મનુષ્યની પાકટ ઇન્દ્રિયો તેમાં વિશેષતાપૂર્વક જુએ છે. પરંતુ અત્યારનો સર્વથી બુદ્ધિમાન મનુષ્ય આ વિશ્વમાં જે કાંઇ જોઇ, સાંભળી, સુંઘી, ચાખી કે સ્પર્શી શકે છે તેથી આગળ વધીને કાંઇજ જોવા જેવું, સાંભળવા જેવું, સુંઘવા જેવું, ચાખવા જેવું કે સ્પર્શવા જેવું વિશ્વમાં નથી એમ માનવું એ ભૂલ છે. જ્યાં આપણી દૃષ્ટિમાં કાંઇજ આવતું નથી એવા ભાગમાં કોણ કહી શકે તેમ છે કે કોઇ જુદી જ, નિરાળી, સૃષ્ટિ પોતાનું પૃથક્ અસ્તિત્વ નહી ભોગવતી હોય? આપણી દૃષ્ટિ-મર્યાદા ઘણી અલ્પ છે. આપણી ચાક્ષુષશક્તિ ઘણી સ્થૂળ છે અને તેજ પ્રમાણે સર્વ ઇન્દ્રિયો પણ તેવીજ સ્થૂળ છે. આપણી ઇન્દ્રિયો અત્યારે છે તે કરતાં ઓછી સ્થૂળ હોત અને સ્હેજ વિશેષ મર્મગ્રાહી અને શક્તિસંપન્ન હોત તો આપણા માટે એક નવુંજ વિશ્વ ખુલ્લું થાત. કેમકે અત્યારે આપણે જ્યાં કાંઇ જ નથી જોતા ત્યાં કોઇ નવુંજ જગત અસ્તિત્વ ધરાવતું જોઇ શકત. પ્રોફેસર મેસને પોતાના ઇન્દ્રિય વિજ્ઞાન સંબંધી એક પુસ્તકમાં લખ્યું છે કે—“ If a new sense or two were added to the present normal number in man, that which is now the phenomenal world for all of us might, for all that we know, burst into something amazingly different and wider, in consequence of the additional revelations of these new senses. અર્થાત્:—“ મનુષ્યને અત્યારે જે ઇન્દ્રિયો પ્રાપ્ત છે તેમાં એકાદ બે ઇન્દ્રિયોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વધારો થાય તો તે નવી ઇન્દ્રિયોના પ્રભાવથી આ પ્રતીત થતું વિશ્વ ફીટીને તે સ્થાને એક જુદાજ પ્રકારનું, વિસ્મયકારક, વિશાળતર વિશ્વ પ્રગટી આવે."

અધ્યાત્મવિદ્યાના મહાનુભાવ પુરૂષો એમ જણાવે છે કે એકજ આકાશના ખંડમાં પ્રકૃતિતત્વના ભિન્ન ભિન્ન આંદોલનોવાળી અનેક પ્રકારની સૃષ્ટિઓ પોતાનું નીરાળુ નીરાળુ અસ્તિત્વ ભોગવી રહી હોય છે અને તે આંદોલનોવડે ઉપસ્થિત થતી પ્રકૃતિ તત્વની ભિન્નતાને લઇને એક પ્રકારની સૃષ્ટિ અન્ય પ્રકારની સૃષ્ટિને અવકાશ આપવા સંબંધી કાંઈ પણ પ્રતિબંધ કરી શકતી નથી. આ જુદી જુદી સૃષ્ટિમાં વસતા આત્માઓનું ઈન્દ્રિયવિષયક બંધારણ એવા પ્રકારનું હોય છે કે તે તે આત્માઓ પોતાની જ સૃષ્ટિનો અનુભવ કરી શકે અને પોતાની સૃષ્ટિ સિવાય અન્ય સૃષ્ટિનાં અસ્તિત્વની પણ તેમને કાંઇ ખબર ન હોય. આ દેહમાં છતાં પણ ઘણા યોગીજનો પોતાની સ્થૂળ અને આપણી આ સૃષ્ટિ સાથે સંબંધ ધરાવતી ઇન્દ્રિયોનાં કાર્યને ઉપશમાવીને કોઇ ઉચ્ચતર સૃષ્ટિનાં જીવનનો અનુભવ કરી શકે છે. વસ્તુતઃ આ ઉચ્ચતર સૃષ્ટિ એ આપણા શાસ્ત્રોમાં કથેલી દેવલોકાદિ સૃષ્ટિઓ છે. આપણે અત્યારની સ્થિતિમાં એ સૃષ્ટિનો કાંઇ અનુભવ કરી શકતા નથી તેનું કારણ ફક્ત એજ છે કે આપણી વર્તમાન ઇન્દ્રિયો આ સૃષ્ટિ સાથે જ સંબંધ ધરાવનારી છે અને ઉચ્ચતર સૃષ્ટિના આંદોલનો સાથે સંવાદ અથવા એકરાગતામાં આવી શકે તેમ કેળવાએલી હોતી નથી.

આકાશના એકજ પ્રદેશમાં આવી ભિન્ન ભિન્ન સૃષ્ટિઓનાં અસ્તિત્વ સંબંધી હવે આગળ વધેલા વૈજ્ઞાનિકોનાં હૃદયમાં પણ આભાસ થવા લાગ્યો છે અને જે અનુભવ આપણા પ્રાચીન મહાપુરૂષોને સેંકડો વરસો પહેલાં થયો હતો તે અનુભવની સ્હેજ ઝાંખી તેમને થવા લાગી છે. Isaac Taylor (ઐઝાક ટેલર) નામના એક યુરોપીય વિદ્વાનના મનમાં એમ સ્ફુરી આવ્યું છે કે-" It may be that within the field occupied by the visible and ponderable universe there is existing and moving another element fraught with another species of life-corporeal indeed and various in its orders, but not open to cognizance of those who are confined to the conditions of animal organization. Is it to be thought that the eye of man is the measure of the Creator's power?-and that He created nothing but that which He has exposed to our present senses? The contrary seems much more than barely possible; ought we not to think it almost certain?" અર્થાત:—" એમ બનવા યોગ્ય છે કે આ પરિદૃશ્યમાન અને જ્ઞાનગોચર વિશ્વ જે પ્રદેશમાં પોતાનું અસ્તિત્વ ભોગવી રહ્યું છે તેજ પ્રદેશમાં જીવનનાં કોઇ વિભિન્ન પ્રકારનાં સત્વોવડે વસાએલી સૃષ્ટિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાની નિરાળી સ્થિતિ અને ગતિ ભોગવી રહી હશે. અલબત, એ જીવો પણ ભૌતિક દેહસંપન્ન અને ભિન્ન ભિન્ન જાતિ તેમજ વર્ગના હશે, પરંતુ આપણે કે જેઓ પાશવ બંધારણની મર્યાદાઓવડે પ્રતિબદ્ધ છીએ, તેમની દૃષ્ટિમર્યાદામાં એ સૃષ્ટિ આવી શકે નહી. નિસર્ગની નિખિલ શક્તિનું માપ શું મનુષ્યની ભૌતિક ચક્ષુઓ કદી પણ કાઢી શકે ખરી? અને આપણી વર્તમાન ઇન્દ્રિયોને પ્રતીત ન થઇ શકે એવું શું એ મહાન શક્તિ (કુદરતે) કાંઈજ સરજ્યું નહી હોય? નહી, નહી. વસ્તુસ્થિતિ એથી ઉલ્ટી જ હોવી સંભવે છે. અમને તો એમ ભાસે છે કે વસ્તુતઃ ચોક્કસપણે એમ ઉલ્ટી જ છે."

આપણી વર્તમાન ઈન્દ્રિયોની મર્યાદિત સ્થિતિનો ખ્યાલ કરાવી હવે ઈન્દ્રિયોનાં કાર્યનાં વિવેચનમાં ઉતરીશું.

ઇન્દ્રિયોનું શું કાર્ય છે એ સંબંધે સુવિખ્યાત મનોવિદ્યાભિજ્ઞ પ્રોફેસર બેન કહે છે કે–" A sensation is the mental impression, feeling or conscious state, resulting from the action of external things on some part of the body." અર્થાત—શરીરના કોઇ પણ ભાગ ઉપર બહારના પદાર્થોની ક્રિયાથી ઉદ્‌ભવતી મનોમય અસર, લાગણી અથવા ભાનવાળી અવસ્થા એનું નામ ઇન્દ્રિયસંવેદન છે. પ્રત્યેક ઇન્દ્રિયમંડળની રચના એવા પ્રકારની હોય છે કે અમુક જ પ્રકારના બાહ્ય વસ્તુના સંનિકર્ષથી અમુક પ્રકારના આંદોલનો તેમાં પ્રગટે છે અને તે આંદોલનો મન આગળ રજુ થતાં મન તેમાંથી અમુક પ્રકારનો અર્થ ઉપજાવે છે. દરેક ઇન્દ્રિય પોતાના વિષયને લગતા જ પદાર્થોનું ગ્રહણ કરે છે. ચક્ષુ માત્ર પ્રકાશના તરંગોનું ગ્રહણ કરે છે. અને તેવડે ઉપજતા જ્ઞાનતંતુગત સ્પંદન મન આગળ પહોંચાડી દે છે. તેજ પ્રમાણે કર્ણેન્દ્રિય સ્વરના તરંગોનું ગ્રહણ કરે છે; પરંતુ સ્વરતરંગો ગ્રહવાનું કાર્ય ચક્ષુ અને પ્રકાશના તરંગો ગ્રહણ કરવાનું કાર્ય કર્ણપ્રદેશ કદી જ કરતો નથી. આવા પ્રકારની આપણી વર્તમાન ક્ષયોપશમજન્ય અવસ્થા છે. અર્થાત પ્રત્યેક ઇન્દ્રિય પોતાને નિયત થયેલા સંવેદનોજ નોંધે છે. પોતાના નિયત પ્રદેશથી બહારના સંવેદનોને તે પોતાનાં રજીસ્ટર ઉપર ચઢાવતી નથી. પાંચે ઇન્દ્રિયો અને જ્ઞાનતંતુઓનો સમુહ એ બધા મનના અનુચરો છે અને બાહ્ય વિશ્વમાં બનતા બનાવથી માહિતગાર થવા માટે તે દરેકને મન તરફથી અમુક અમુક કાર્ય સોંપવામાં આવ્યું છે.

આપણે નિત્યના પરિચયથી આ ઈન્દ્રિયોનાં કાર્ય સાથે એવા તો ટેવાઈ ગયા છીએ કે તેમનાં કાર્યનાં અવલોકનથી આપણને સ્હેજ પણ નવાઈ ભાસતી નથી. જેમ સૂર્યનો ઉદય થવામાં અને અસ્ત થવામાં, ૠતુઓની નિયમિત ગતિમાં, ચંદ્રજ્યોતિના ક્રમપૂર્વક સંવર્ધન અને ક્ષયમાં આપણને હમેશના સહવાસથી કશીજ અદ્‌ભુતતા ભાસતી નથી તેમ આપણી ઇન્દ્રિયોની રોજની કાર્યપ્રણાલીમાં આપણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે યંત્રોની સૂક્ષ્મતા અને તેની ઘટનાની અદ્દભુતતાનો કશો આભાસ આવતો નથી. આ વિશ્વમાં પગલે પગલે પ્રતીત થતા પરમ વિસ્મયકર કૌશલ્યનું જેમને ભાન નથી તેમને ઇન્દ્રિયનાં સ્વરૂપની અદભુતતાનો ખ્યાલ આવવો અશકય છે

સર્વ ઇન્દ્રિયોમાં સ્પર્શેન્દ્રિય સહુથી પ્રથમ આત્માને પ્રાપ્ત થએલી છે. એકેન્દ્રિય જીવોને ફક્ત આ સ્પર્શનીજ ઇન્દ્રિય હોય છે. આહારગ્રહણનું કાર્ય પણ આખા શરીર મારફત થતું હોય છે; કેમકે તે માટેનું ખાસ ઇન્દ્રિયમંડળ તેમનામાં વિકસિત થયું હોતું નથી. આત્માને ઇન્દ્રિયોની સંખ્યા વધતી ગઈ તેમ તેમ આહારગ્રહણનું કાર્ય આખા શરીર દ્વારા થતું ન્યૂન થતું ગયું અને શરીરના અમુક ભાગો તે કરવાને માટે ખાસ યોગ્યતા ધરાવનાર થતા ગયા. સ્પર્શેન્દ્રિયનું સ્થાન આખા શરીર ઉપર વિસ્તારિત છે અને ત્વચાના સમસ્ત પ્રદેશ ઉપર જ્ઞાનતંતુઓ ફેલાએલા હોઇને દરેક ઠેકાણેનો રિપોર્ટ મનને પહોંચી વળે છે; પરંતુ તેમ છતાં સ્પર્શેન્દ્રિયના અંગે રહેલી શક્તિનો વિકાસ આખા શરીર ઉપર એક સરખો હોતો નથી. કપડાંની સફાઈ અથવા ખડબચડાપણાનો ખ્યાલ હાથનાં આંગળાંથી આવે છે તેટલો તે કપડું શરીરના બીજા ભાગ ઉપર લગાડવાથી નથી આવતો. ઠંડીની અસર આંખને નહી જેવીજ થાય છે; ત્યારે ઝીણા રજકણનો સ્પર્શ, જેની અસર શરીરના બીજા ભાગને મુદ્દલ થતી નથી, તે આંખ ઉપર સખ્ત અસર પ્રગટાવી શકે છે.

પશુઓ અને મનુષ્યોની સ્પર્શેન્દ્રિયની શક્તિ ઉપલક નજરથી એક સરખી ભાસે છે; પરંતુ વસ્તુત: તેમ નથી. મનુષ્ય અને પશુનો જે ખાસ ભેદ છે તે મનના વિકાસને બાદ કરતાં સ્પર્શેન્દ્રિયની શક્તિનોજ બહુધા છે. સ્પર્શેન્દ્રિય સિવાયની બીજી ચક્ષુ, ઘ્રાણ, કર્ણ, રસનાની ઇન્દ્રિયો પશુઓને મનુષ્યના જેવીજ બલ્કે વધારે જોરદાર અને તીક્ષ્ણ હોય છે; પરંતુ સ્પર્શેન્દ્રિયની બાબતમાં પશુ કરતાં મનુષ્ય ઘણો આગળ વધેલો છે. હાથ અને આંગળાંથી મનુષ્ય જે સંવેદન અનુભવી શકે છે તે પશુને મુદ્દલ હોતું નથી. Anaxagoras નામનો વિદ્વાન તો એટલે સુધી કહે છે કે If animals had hands and fingers, they should be like men. અર્થાત જો પશુને હાથ અને આંગળાં હત તો તેઓ મનુષ્યના જેવાજ ગણાત.

વજન પારખવું એ પણ સ્પર્શેન્દ્રિયનું કામ છે એ બહુ થોડા મનુષ્યો જાણે છે. પદાર્થોનાં વજન નક્કી કરવામાં કેટલાક માણસોની આંગળીઓ એવી આબાદ હોય છે કે તેમના અનુમાનમાં એક રતી પણ ફેર પડતો નથી; ત્યારે કેટલાક બીન અનુભવીને, વજન હાથ ઉટાંકયા પછી પણ, દશ શેર હશે કે અધમણ તે પણ સમજાતું હોતું નથી. આ ખામી સ્પર્શેન્દ્રિયની શક્તિની છે. તે ઉપરાંત ગરમી અને ઠંડીનું માપ કાઢવામાં પણ આ શક્તિનો ઉપયોગ હોય છે. કુશળ વૈદ્યો દરદીનાં શરીરને હાથ અડકાડીને તેમના શરીરની ગરમીનું પ્રમાણ ચોક્કસ રીતે કહી શકે છે. આ અનુમાન પણ ઉપરોક્ત શક્તિવડે જ થાય છે. કેટલાક જાડી પ્રકૃતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાળાને વાતાવરણની ગરમી કે ઠંડીનું પ્રમાણ મુદ્દલ સમજાતું નથી. ઘણીજ ઠંડી લાગે અથવા ઘણીજ ગરમી પડે ત્યારે તેમને તેવા પ્રકારનું ઝાંખું ભાન થાય છે. પરંતુ તે શીતોષ્ણતાની કળાનું (degree) તેમને જરાપણ ભાન હોતું નથી. આ ખામી પણ સ્પર્શેન્દ્રિયના વિકાસની જ ખામી સમજવાની છે.

યુરોપના કેટલાક વિદ્વાનો સ્પર્શેન્દ્રિયનું કાર્ય શરીરની સપાટી ઉપર છે એમ માનવા ઉપરાંત એમ પણ માને છે કે આપણાં શરીરના અંદરના ભાગમાં જે ક્ષુધા અને તૃષાનો અનુભવ થાય છે તે પણ તે ઇન્દ્રિયનો જ કાર્યપ્રદેશ છે. આ માન્યતા એક રીતે વ્યાજબી જણાય છે. ફેર માત્ર એટલો જ છે કે આપણે માત્ર બહારની ત્વચા મારફત થતા અનુભવોને હીસાબમાં લઈએ છીએ; ત્યારે ઉપરોક્ત વિદ્વાનો અંતર્ ત્વચા મારફત થતાં સંવેદનોને પણ લક્ષમાં લે છે.

સ્પર્શેન્દ્રિયની શક્તિ આખા શરીર ઉપર ફેલાએલી છતાં અમને એમ જણાય છે કે આંગળાંમાં તેનો ખાસ પ્રભાવ છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો આંગળાંમાં એ ઇન્દ્રિયનું ખાસ નિવાસ-સ્થાન અથવા અભિવ્યકિત છે. સારા વૈદ્યો દરદીના શરીર ઉપર આંગળાં ફેરવી તેના શરીરાંતર્ગત વ્યાધિનું નિદાન કરી શકે છે, અને વાત, પિત્ત, કફમાં શેનું પ્રાધાન્ય છે તે કહી શકે છે. કોતરકામ કરનાર તેની બનાવટના કામ ઉપર જરા આંગળાં ફેરવી કયાં અપૂર્ણતા છે તે નક્કી કહી શકે છે. ઉંચા પ્રકારનાં રેશમ અને ઉનની જાતનાં કપડાંનું સ્વરૂપ બાહોશ પારખદારો, આંગળાંથી આંકી તેની કિંમત નક્કી કરે છે. અને જે શાલ આપણે પચીશ રૂપીઆની માનતા હોઇએ છીએ તે હુશીઆર ધંધાદારીઓ પોતાની આંગળીના સ્પર્શથી હજારો રૂપીઆની હોવાનું ચોક્કસ કહી શકે છે. ઉન, રેશમ અને કપાસના વડ પાડનારાઓની બાહોશી પણ આ સ્પર્શેન્દ્રિયની શકિત ઉપર અવલંબીને રહેલી હોય છે. કેટલાક અતિ ઉત્કટ સ્પર્શશકિતવાળા મનુષ્યો આંખથી જોયા વીના હાથ ફેરવીને તે ચીજનો રંગ પણ કહી શકે છે; કેમકે દરેક રંગને પણ અમુક પ્રકારનો સ્પર્શ હોય છે.

સ્વાદેન્દ્રિય સ્પર્શેન્દ્રિયનો એક અતિ ઉચ્ચ વિકાસ છે. ઘણા નામાંકિત વિદ્વાનો સ્વાદેન્દ્રિયને જુદી ઇન્દ્રિય તરીકે સ્વીકારતા નથી. કેમકે ઉભયનું કાર્ય એક સરખું છે. કાંઈ તફાવત હોય તો તે માત્ર સામાન્ય વિશેષનો છે. શરીરના બીજા ભાગો જ્યારે શીત, ઉષ્ણ, કર્કશ, મુલાયમ વીગેરે ભાવો અનુભવી શકે છે ત્યારે જીવ્હા તે ઉપરાંત, સ્વાદનો અનુભવ કરી શકે છે. આ ભેદ એ માત્ર પ્રમાણનો ભેદ છે પ્રકારનો ભેદ નથી એમ તેઓ માને છે. રસનાપ્રદેશ ઉપર સ્પર્શેન્દ્રિયનો સવિશેષ વિકાસ છે, એથી અધિક કશુંજ ખરી રીતે નથી એમ કહે છે. નાક, કાન, અને આંખના માટે જે ખાસ સંચા કુદરતે તે તે સ્થાનમાં ગોઠવ્યા છે તેવા જીભના પ્રદેશમાં ગોઠવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી. જીભ જે જ્ઞાનતંતુથી પોતાનો સંદેશો મનને પહોંચાડે છે તે જ્ઞાનતંતુઓ, આખા શરીરની ચામડી ઉપર પથરાએલા જ્ઞાનતંતુઓ કરતાં જુદી જાતના નથી. માત્ર જીભના પ્રદેશ ઉપરના જ્ઞાનતંતુઓ સવિશેષ યોગ્યતાવાળા છે. જીભને સ્વાદનું ભાન થાય તે માટે કુદરતે તે સ્થાનની આસપાસ અમુક પ્રકારના રાસાયણિક દ્રવ પદાર્થો ગોઠવી રાખ્યા છે. આ રસ જો જીભને સહાય ન કરે તો સ્વાદ મુદ્દલ લાગતો નથી. મંદવાડમાં હરીફીને, જીભ તેની તે છતાં, પદાર્થોમાં સ્વાદ નથી આવતો તેનું કારણ એ હોય છે કે ઉપરોકત રસોની નિષ્પત્તિ જીભ પાસેના ગ્રંથી સમુહમાંથી થતી હોતી નથી.

આ ઇન્દ્રિય પશુ કરતાં મનુષ્યમાં ઘણી પ્રબળપણે ખીલેલી હોય છે, અને મનુષ્ય મનુષ્યમાં પણ એ શકિતના વિકાસ પરત્વે ઘણો મહત્વનો ભેદ અનુભવવામાં આવ્યો છે. દરેક પ્રકારના ઘઉં, ચોખા, બાજરી વીગેરેમાં એક સરખો સ્વાદ હોતો નથી, છતાં જાડી રસનાવૃત્તિવાળાને જમતી વખતે તેવો કાંઇ ભેદ માલુમ પડતો નથી દુધના શોખીનો ઘણી ગાયોમાંહેથી અમુક દુધ અમુક ગાયનું છે એમ ચોક્કસ કહી શકે છે, અને બે ગાયોનું દુધ ભેગું કરેલું હોય છે તો તે પણ દુધના સ્વાદથી જાણી શકે છે. આ ઝીણવટ, રસનાશક્તિની તીવ્રતા દર્શાવનાર છે, અને તે એક પ્રકારનો ઇન્દ્રિયવિકાસ છે.

ઘ્રાણેન્દ્રિય જીહ્વાની સાથે ઘણો નજીકનો સંબંધ ધરાવનારી છે, અને કાર્યમાં પણ ઉભયની સહચારીતા દ્રશ્યમાન થાય છે. જીભ ઉપર પદાર્થનો સ્પર્શ થતાં જ તેના રજકણો ઉડીને ઘ્રાણેન્દ્રિય આગળ હાજરી આપે છે, અને જીભે તેનો સ્વીકાર કરવો કે કેમ તે બાબતની સલાહ પણ તે ઇન્દ્રિય મોકલે છે. આ રજકણો નાકના અંદરના પ્રદેશની અંતર્ત્વચા ઉપર ચોંટે છે; કેમકે તે ભાગ ભીનાશવાળો અને સ્નિગ્ધ હોવાથી તે દરેક જાતના રજકણોને એકદમ ઝીલી લઇ શકે છે; અને ત્યાં તેની ગંધનું સ્વરૂપ નક્કી થાય છે; અર્થાત એ ત્વચા ઉપરના વિશિષ્ટ જ્ઞાનતંતુઓ રજકણોના સ્પર્શથી ઉત્પન્ન થએલા આંદોલનોને મન આગળ મોકલી આપે છે, અને મન તેમાંથી અમુક પ્રકારની ગંધનો અર્થ મેળવી લે છે.

મનુષ્ય કરતાં પશુસૃષ્ટિમાં આ ઇન્દ્રિય બહુ બળવત્તર હોય છે, કેમકે પશુના આહારના અન્વેષણનો આધાર ફક્ત આ ઇન્દ્રિય ઉપર હોય છે. એમના જીવન-નિર્વાહ માટે આ ઇન્દ્રિયની શકિતના પ્રબળ વિકાસની ઘણી આવશ્યકતા હોય છે. આપણામાં પણ એવા અનેક ધંધા છે કે જેમાં આ ઇન્દ્રિયની સૂક્ષ્મતાની ઘણી જરૂર હોય છે. તમાકુ, અત્તર, આસવ, ગંધીયાણું વિગેરેના વેપારમાં માલની પારખનો આધાર આ ઇન્દ્રિયની સૂક્ષ્મતા ઉપર છે. તેમના ધંધાની ફત્તેહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ તેના ઉપર નિર્ભર હોય છે. ઘણા આંધળા માણસો માત્ર ગંધ ઉપરથી અમુક માણસ ફલાણો છે એમ ચોક્કસ રીતે કહી શકે છે.

કર્ણેન્દ્રિય ઉપરની ત્રણે ઇન્દ્રિયો કરતા ઘણી જટીલ અને સૂક્ષ્મ સંચાકામવાળી છે. ઉપરની ત્રણ ઇન્દ્રિયો અને પદાર્થોનો સાક્ષાત સંબંધ થયા પછી જ પોતાના વિષયનું ભાન કરી શકે છે; ત્યારે કર્ણેન્દ્રિયની રચના એવી છે કે તેનો વિષય બનનાર વ્યતિકર ઘણે દુર હોય છતાં હવામાં પ્રગટતા આંદોલનો રૂપે કર્ણના ગોલક ઉપર તે અથડાય છે, અને તે માંહેનું અદ્દભુત કૌશલપૂર્ણ યંત્ર તે આંદોલનોને ગ્રહીને મન આગળ મોકલી આપે છે. આત્માએ બહારની સૃષ્ટિનો હેવાલ મેળવવા માટે ખરેખર, આ કાનનો એક અતિ વિસ્મયકર સંચો બનાવ્યો છે.

વિજ્ઞાને એમ અનુમાન બાંધ્યું છે કે આ ઇન્દ્રિય એક સેકન્ડમાં ઓછામાં ઓછા ૨૦ થી ૩૦ આંદોલનો ગ્રહણ કરી શકે છે, અને વધારેમાં વધારે એક સેકન્ડમાં ૩૮૦૦૦ આંદોલનો ઝીલી શકે છે. ધીમા સ્વર કે અવાજના આંદોલનો મંદ વેગવાળા હોય છે અને મોટા અવાજના આંદોલનો ત્વરિત ગતિવાળા હોય છે. ઘણા પશુઓ–ખાસ કરીને ઘોડા–ઘણે દુરથી શબ્દો સાંભળી શકે છે. કેમકે જીવન–સંરક્ષણ માટે આ શક્તિનો વિકાસ તેમને જરૂરનો હોય છે. જંગલી શીકારી મનુષ્યો ઘણે દુરના પશુઓનો પગરવ કળી શકે છે. ગવૈયામાં આ શક્તિની ઝીણવટ ઘણી આશ્ચર્યકારક હદે વિકસી હોય છે. વાચક તેની કલ્પના કરી શકે તેમ છે તેથી વિવેચનની આવશ્યકતા નથી. પરંતુ એટલું ધ્યાનમાં રાખવાનું કે આ સૂક્ષ્મતા દુરથી શબ્દો સાંભળી શકવા તેના કરતાં, તદ્દન જુદી જ જાતની છે. અર્થાત તે શક્તિ અવાજના ભેદો પારખવાની અને તેનું વર્ગીકરણ કરવાની હોય છે.

મનુષ્યનાં શારીરિક બંધારણમાં ચક્ષુ સર્વથી ઉચ્ચમાં ઉચ્ચ અને અત્યંત જટીલ રચનાવાળી જોવામાં આવે છે. બીજી સર્વ ઇન્દ્રિયો કરતાં મન સાથે તે અધિક વ્યવહાર રાખે છે; અર્થાત ચક્ષુ અને મન વચ્ચે જાગૃત અવસ્થાના બધા જ કાળમાં સંદેશા ચાલતા જ રહે છે. ઘણે દુર બનતા વ્યતિકરોને તે પોતાની કક્ષામાં લાવી તેનું ભાન મનને કરાવી શકે છે. વિશ્વનો પ્રત્યેક પદાર્થ અમુક પ્રકારના આંદોલનોની ગતિમાં હોય છે. આ આંદોલનો ઉપરના પ્રકાશનાં કીરણો ચક્ષુના પ્રદેશ ઉપર અથડાવાથી તે પ્રદેશના જ્ઞાનતંતુઓમાં એક પ્રકારનો ક્ષોભ ઉત્પન્ન થાય છે. આ ક્ષોભનો અર્થ મન તેના વિકાસ અનુસાર કરીને તે તે પદાર્થનું બાહ્ય સ્વરૂપ નક્કી કરે છે. હું આંહીથી એક વૃક્ષ જોઉં છું. તેમાં વસ્તુત: હું વૃક્ષને પોતાને સીધી રીતે જોતો નથી. પરંતુ તે વૃક્ષ આંદોલનની જે કળામાં છે તે આંદોલનોને વૃક્ષ ઉપરના પ્રકાશનાં કીરણો મારા ચક્ષુપ્રદેશની મર્યાદામાં લાવી રજુ કરે છે, અને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કીરણોના ત્યાં અથડાવાથી છે પ્રદેશગત વિશિષ્ટ જ્ઞાનતંતુઓમાં એક પ્રકારનો ક્ષોભ, ગતિ, વિકાર, અથવા સ્પંદન ઉપસ્થિત થાય છે. આ ક્ષોભનો મારા મનવડે જે અર્થ ઉત્પન્ન થયો તે વસ્તુતઃ મારૂં વૃક્ષનું જોવાપણું છે. ખરી રીતે બધી જ ઇન્દ્રિયોના વિષયોની બાબતમાં આપણે બહારની સૃષ્ટિનું અપરોક્ષ સીધું દર્શન કરી શકતા નથી, પરંતુ બાહ્ય વિશ્વનું મન અને ઇન્દ્રિયો મારફત ઉત્પન્ન થતું એક પ્રતિબિંબ જોઇએ છીએ. ઘણાજ થોડા મનુષ્યોને એ ખ્યાલ હોય છે કે આપણું જીવન કેવળ આંતરિક છે; કેમકે તમે જે કાંઇ જુઓ છો, સાંભળો છો, ચાખો છો, સુંઘો છો અને સ્પર્શો છો તે મનનાં જ ચિત્રો છે, અને તે ચિત્રો ઇન્દ્રિયોમાં રહેલા ખાસ પ્રકારના જ્ઞાનતંતુઓમાં ઉપસ્થિત થતા ક્ષોભથી ઉત્પન્ન થએલાં હોય છે.

મનુષ્યની ચક્ષુ પ્રકાશના અમુક જ કળા (degree) ના આંદોલનો ગૃહવા માટે લાયક હોય છે. વિજ્ઞાનનું એમ માનવું છે કે મંદમાં મંદ પ્રકાશના આંદોલનો એક સેકન્ડમાં પીસતાળીસના આંકડા ઉપર તેર મીંડા ચઢે એટલી સંખ્યામાં હોય છે, અને જ્વલંતમાં જ્વલંત પ્રકાશના આંદોલનો એક સેકન્ડમાં પંચોતેર ઉપર તેર મીંડા ચઢે એટલી સંખ્યામાં હોય છે. ઉપરની સંખ્યાથી એછા અથવા વધારે આંદોલનોવાળો પ્રકાશ મનુષ્યના ચક્ષુની મર્યાદામાં આવતો નથી. જોકે અમુક પ્રકારના યંત્રોવડે તે પ્રકાશની ગતિ અને સ્વરૂપ નક્કી કરી શકાય છે. ઉપરની સંખ્યાથી વધારે અથવા ઓછા આંદોલનો વાળો પ્રકાશ, બન્ને એક સરખી રીતે આપણને અંધીકાર રૂપે ભાસે છે; કેમકે તે સંખ્યાથી ઓછા આંદોલનોવાળો મંદ પ્રકાશ આપણી ચક્ષુ ઉપર કાંઇજ અસર ઉપજાવતો નથી અને તે કરતાં વધારે આંદોલનો વાળો પ્રકાશ ઝીલવા માટે તે નાલાયક હોય છે.

જુદા જુદા ભાસતા રંગોનું સ્વરૂપ પણ તે તે પદાર્થોના આંદોલનની ગતિ વડે નિર્માય છે. એ આંદોલનોની ગતિમાં ન્યૂનાધિક્ય થતાં આપણી દૃષ્ટિમાં રંગનો પણ ફેરફાર ભાસે છે. બુદ્ધિમાનો કહે છે કે લાલ રંગ સર્વ કરતાં ન્યૂન આંદોલનો વાળો હોય છે, અને જાંબુડીયો (violet) સર્વ કરતાં ત્વરિત આંદોલનોવાળો હોય છે. પીળો, નારંગી, લીલો, આસમાની વીગેરે મધ્યમ ગતિવાળા હોય છે.

ઉપર પ્રમાણે ઇન્દ્રિયનાં સ્વરૂપની સંક્ષિપ્ત રૂપરેખા છે. આત્માને જ્ઞાનોપાર્જન માટે નિસર્ગશક્તિએ મન અને ઇન્દ્રિયના અદ્ભુત યંત્રો અર્પેલા છે, અને રચનાનું કૌશલ જેમ બારીકાઇથી જોઇએ છીએ તેમ તેમ આશ્ચર્ય અને આનંદમાં અધિક અધિક નિમગ્ન થતા જઇએ છીએ. આપણને જ્ઞાન મેળવવાની ખરી જીજ્ઞાસા હોય તો આ સંચાકામને બને તેટલી ઉત્તમ સ્થિતિમાં નીભાવવા આપણે સર્વદા તત્પર રહેવું જોઇએ, એટલુંજ નહીં પણ તે સંચાને ખીલવીને તેને બને તેટલો અધિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બળવાન, કાર્યકર, અને આજ્ઞાનુસારી બનાવવો જોઇએ. મન અને ઇન્દ્રિયોને આત્માના વિકાસમાં કેવી રીતે સહાયક બનાવવા, તેની ખીલાવટ કરીને તે દ્વારા આત્માને પરમ ઉન્નત્તિના માર્ગે કેવી રીતે વાળવો એ એક જુદાજ લેખનો વિષય થઈ શકે છે. અત્રે અમે મન અને તેનાં બાહ્ય સાધનો–ઇન્દ્રિયોની–અલ્પ વિવેચના પૂર્વક વિરમીએ છીએ.

સુધારો.

૧ ગયા અંકમાં પાને ૯૫માં ૧૪ મી લીંટીમાં દહાડો છપાયેલ છે તેને બદલે ઠાટ સમજવું.

તેજ પેજમાં ૨૩ મી લાઇનમાં અકળાઇને બદલે અલપાઈ સમજવું.

તેજ અંકના ૯૬ મા પેજનાં ૨૦ મી લાઇનમાં ઇન્દ્રચક્ર૦ ને બદલે તે વગર તો ઇન્દ્રચક્ર પણ સમજવું.

તેજ પેજની ૨૬ મી લાઇનમાં ત્યારેજને બદલે ત્યારેજ તે સમજવું.

તેજ અંકના ૯૮ પેજની ૨૦ મી લાઇનમાં અમુકને બદલે અચુક સમજવું.

૯૯ મા પેજની ૧૫ મી લાઇનમાં ભાવનાઓને બદલે ભાવનાઓ તો સમજવું.

૨ ગયા અંકના ૧૧૪ મા પેજમાં વર્તમાન સમાચારવાળા લેખનાં બીજા પેરાગ્રાફમાં મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીના શિષ્ય મુનિરાજ શ્રી ઉમંગવિજયજી છપાયેલ છે તેને બદલે મુનિરાજ શ્રી વિવેકવિજયજી (તપસ્વી) ના શિષ્ય શ્રી ઉમંગવિજયજી પંન્યાસ એમ સમજવું.

વર્તમાન સમાચાર.

આપણી માનવંતી કોન્ફરન્સનું બારમું અધિવેશન સાદરી–મારવાડ મુકામે તા. ૨૪-૨૫-૨૬ પોશ શુદ ૨–૩–૪ ના રોજ ભરવાનું નકી થયું છે. મારવાડ પ્રદેશમાં આ સંમેલન અધિક વિજયવંત નિવડે એમ અમો અંતઃકરણપૂર્વક ઇચ્છીયે છીયે. મારવાડમાં કેળવણીનો પ્રચાર અલ્પ અને ત્યાંના જૈન બંધુઓ આવા કાર્યોથી અજાણુ છે જેથી આ સંમેલનથી એ પ્રદેશના જૈન બંધુઓ અવશ્ય કેળવણી જેવા કાર્યનો લાભ લેશે અને ગુજરાત કાઠીઆવાડ વગેરે જૈન બંધુઓના પરિચિત થતાં અરસપરસ ધર્મસ્નેહ અને ઐક્યતા વધશે. પ્રમુખ તરીકે હુશીયારપુર પંજાબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવાસી **શેઠ દોલતરામજી જૈની**ની ચુંટણી થઇ છે. જેઓ એક ખરેખર ધર્મવીર પુરૂષ છે. દેવગુરૂના પરમ ઉપાસક છે. સન્માનકારિણી કમિટીના પ્રમુખ શેઠ નથમલજી છગમલજી રાઠોડ અને શેઠ નીહાલચંદ રૂપચંદજી ઘોકાની નીમનોક થયેલી છે જે આવકારદાયક છે. ટાઇમ ઘણોજ થોડો છે છતાં પણ દરેક જૈન બંધુઓને હાજરી આપી તે કાર્યમાં ભાગ લેવા નમ્ર સુચના કરીએ છીએ.

ગ્રંથાવલોકન.

૧ વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ ભાગ ૩ જો.

શ્રી સાહિત્ય પ્રકાશક મંડળ જામનગર તરફથી અમોને અવલોકન અર્થે ભેટ મળેલ છે. આ ગ્રંથના યોજક મુનિરાજશ્રી **વિનયવિજયજી મહારાજ** છે કે જેઓ શ્રીમાન્ વિજયાનંદ સૂરિ, (આત્મારામજી મહારાજ) ના પરિવારમંડળનાં શ્રીમાન્ ઉપાધ્યાયજી વીરવિજયજી મહારાજના શિષ્ય છે. આ ગ્રંથ તે વિષયના માટે ત્રીજો ભાગ છે. આ ત્રીજો ભાગ વાંચતાં પ્રથમ બંને ભાગો કરતાં ઘણા સામાજિક અને ઉંચા વિષયો દાખલ કરેલા જણાય છે. આ સંગ્રહ દરેક ધર્મને માનનીય થઇ પડે તેવો છે. ઉક્ત મહાત્માનો આ પ્રયાસ સ્તુતિપાત્ર છે તેટલુંજ નહીં પરંતુ ભાષણ કરવા શીખનાર જિજ્ઞાસુને તે આલંબનરૂપ છે. આવા ગ્રંથો સામાજિક સાહિત્ય ગ્રંથોમાં એક સારો વધારો કરે છે. ત્રણ ભાગો વાંચવાની દરેક મનુષ્યોને અમો ભલામણ કરીયે છીયે. ઉક્ત મુનિમહારાજે જૈન ધર્મના ગ્રંથો માંહેના ઉપયોગી વિષયોની એક ગાઇડ બનાવી છે. જેનો પ્રથમ ભાગ અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ છે. ઘણોજ પ્રયાસ કરી આવો સંગ્રહ કરી આ ગ્રંથો લખી આપવાથી સમાજ ઉપર ઉક્ત મુનિરાજ એક પ્રકારનો ઉપકાર કરે છે. આવું સાહિત્ય વધારે પ્રમાણમાં પ્રસિદ્ધ થાય એમ અમો ઇચ્છીયે છીયે. આ ગ્રંથ ઉપરના શીરનામેથી લખવાથી મળી શકશે. કીંમત રૂા. ૨-૮-૦

૨ ચારૂપનું અવલોકન.

ઉપરના નામનો ગ્રંથરૂપે શ્રી ચારૂપ જૈન તીર્થનો લવાદોથી અપાયેલ ફેસલો, ચાલેલો કેસ અને તે સંબંધી ઉઠેલ ચર્ચા વગેરેનો સંપૂર્ણ રીપોર્ટ તેના પ્રકાશક શાહ મંગળચંદ લલુચંદ તથા શાહ ચુનીલાલ મગનલાલ ઝવેરી પાટણવાળા તરફથી અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે. આ ગ્રંથનું નામજ **ચારૂપનું અવલોકન** એવું છે તો તેનું અવલોકન ખાસ કરવા જેવું રહેતું નથી; કારણકે તટસ્થ વ્યક્તિ આ ગ્રંથ વાંચે તો સહજ અભિપ્રાય બાંધી શકે તેવું છે કે ચારૂપનું જે સમાધાન લવાદોથી થયું છે તે યોગ્ય છે એટલુંજ નહીં પરંતુ તે લવાદ શેઠ પુનમચંદજી કરમચંદજી કોટાવાળાએ તે વખતે દીર્ઘદૃષ્ટિ વાપરી યોગ્ય નિર્ણય આપી જૈન અને સ્માર્ત પ્રજા વચ્ચેનો કલેશ (પાટણ મહાજનનો કલેશ) ફેસલો આપી દૂર કર્યો છે. જોકે તે વખતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાંના કેટલાક ગૃહસ્થો કે જેને આ ફેસલો અંદરના કોઇ અંગત કારણથી કે ગમે તે કારણથી નહીં રૂચવાથી હેન્ડબીલ અને પેપરો દ્વારા એક તરફી લખાણ કરી સમાજના કેટલાક જૈન મુનિમહારાજ અને જૈન બંધુઓને ઉંધે રસ્તે દોરવ્યા હતા, અને તેવા સંયોગોમાં બીજી બાજુની હકીકતની ગેરહાજરીએ તેમ બન્યું હોય તો પણ હવે તેવા મહાશયોને આ ગ્રંથ વાંચવાથી ખાત્રી થશે કે તે વખતે બીજાઓના દોરવવાથી માત્ર એકપક્ષીય ગમે તેવો અભિપ્રાય અપાણો હતો પરંતુ ખરી વસ્તુસ્થિતિ લવાદનો ફેસલો યોગ્ય હતો તે અજવાળામાં આવી શકે તેવું છે. ઘણી વખતે સમાજમાં આવા કે બીજા જાતના પ્રસંગોએ બંને બાજુની તપાસ કર્યા વગર અંધશ્રદ્ધાથી કે ન્યાયબુદ્ધિની ગેરહાજરીથી કે બંને બાજુ તપાસ્યા સિવાય કોઇ પણ આપ્તમાં વિશ્વાસથી અભિપ્રાય ન આપવો જોઇએ છતાં તેવો વિશ્વાસ રાખી કોળાહળ ઉઠે છે—કલેશ થાય છે. જેથી અમારી નમ્ર સુચના છે કે દરેક મનુષ્યોએ બંને બાજુ તપાસી ન્યાય કે અભિપ્રાય આપવો તે યોગ્ય છે. તેમ નહીં કરનારને આ ચારૂપ કેસની જેમ પાછળથી પોતાના વિચાર ફેરવવાનો પ્રસંગ આવે છે. આ ગ્રંથના પ્રકાશકને અમો ધન્યવાદ એટલા માટે આપીયે છીયે કે સત્યાસત્યનો નિર્ણય આવા રીપોર્ટ બહાર પડ્યા સિવાય થઇ શકતો નથી અને આ કેસમાં તેવો નિર્ણય આ ગ્રંથ વાંચવાથી સહજ માલુમ પડશે કે લવાદે આપેલો ફેસલો ન્યાય યુક્ત—સમયને અનુસરીને અને બે ધર્મો વચ્ચે કલેશ કાયમને માટે દૂર કરાવનાર અને જૈનધર્મને બાધ નહીં કરનાર છે, તોપછી લવાદ ઉક્ત પુનમચંદ કરમચંદ કોટાવાળા સમાજના ધન્યવાદને પાત્ર હોય તેમાં નવાઇ નથી.

શાહ ઠાકરશી પદમશીનો સ્વર્ગવાસ.

ઉક્ત બંધુ ગયા આશો વદી ૫ ના રોજ સુમારે પીસ્તાળીશ વર્ષની વયે લગભગ ચાર પાંચ માસની બીમારી ભોગવી શહેર ભાવનગરમાં પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે સરલ, શાંત અને માયાળુ હતા. આ સભા ઉપર પ્રથમથી સારો પ્રેમ ધરાવતા હતા અને સભાના સભાસદ હતા. તેઓના સ્વર્ગવાસથી તેમના મિત્રમંડળે એક મીટીંગ મેળવી દીલગીરી જાહેર કરી હતી. તેમના અભાવથી આ સભા પોતાની દીલગીરી જાહેર કરે છે અને તેમના આત્માને શાંતિ મળો એમ ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠ ચુનીલાલ નાનચંદનો સ્વર્ગવાસ.

પાટણ નિવાસી બંધુ ચુનીલાલભાઇ સુમારે સડસઠ વર્ષની ઉમરે શહેર મુંબઇમાં ગયા માસમાં પંચત્વ પામ્યા છે. તેઓ પાટણના વતની છતાં ધંધાર્થે મુંબઇમાં રહેતા હતા. તેઓ એક ખરેખરા ધર્મવીર પુરૂષ હતા. દેવગુરૂ ધર્મના અડગ શ્રદ્ધાવાળા હતા. આ સભા ઉપર પૂર્ણ પ્રેમ ધરાવતા હતા. સભાના લાઇફ મેમ્બર હતા. સાર્વજનિક કાર્યોમાં પણ તેઓનો હિસ્સો હતો, જેને લઇને આપણી કોન્ફ્રન્સ થઈ ત્યારથીજ લગભગ ઓડીટર તરીકેનું કાર્ય શહેરે શહેર અને ગામોગામ ફરી નિઃસ્વાર્થવૃત્તિએ કરતા હતા. આવા એક ધર્મરત્ન પુરૂષના અભાવથી જૈન કોમે તેમજ આ સભાએ એક નરરત્ન ખરેખર ગુમાવ્યો છે. જેને માટે સભાને સંપૂર્ણ દીલગીરી થાય છે. તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

ઝવેરી હીરાચંદ લીલાધરનું ખેદજનક મરણ.

જામનગર નિવાસી બંધુ ઝવેરી હીરાચંદ લીલાધર તા૦ ૨૮–૧૧–૧૯ ના રોજ પોતાના વતનમાં સ્વર્ગવાસ પામ્યા છે. બંધુ હીરાચંદ ઉત્સાહી અને અભ્યાસી યુવક હતા. ઇંગ્લાંડ જઇ કોમર્સનો અભ્યાસ કરી તે પરીક્ષા પસાર કરી હતી અને અંત્રે આવી કોર્મકલાસ ખોલી જૈનોને પોતાના તે બહોળા જ્ઞાનનો લાભ આપ્યો હતો. ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ હતો જેને લઇને પ્રતિક્રમણની વિધિ અને ક્રિયાના હેતુઓ માટે ખાસ એક ગ્રંથ તૈયાર કરવાના હતા. તેઓ સ્વભાવે મળતાવડા, અને સરલ હતા. તેઓ આ સભાના કાર્યથી સંતોષ પામી તેઓ સભાસદ થયા હતા. ઉપરાંત સારી લાગણી ધરાવતા હતા. તેમના અભાવથી જૈન કોમે એક ઉત્સાહી સુશિક્ષિત એક નરરત્ન ગુમાવ્યો છે. તેમના સ્વર્ગવાસથી આ સભાને પણ પૂર્ણ ખેદ થાય છે તેમના આત્માને શાંતિ મળો એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવલી.

પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થની યાત્રા અને ભક્તિ કરવાના એક સાધન નિમિત્તે અમોએ આ બુક પ્રસિદ્ધ કરી છે. જેમાં પ્રચલિત અને નવીન અનેક ચૈત્યવંદન, સ્તુતિ, નામ વર્ણન, સ્તવનો વગેરેનો સંગ્રહ કરવામાં આવેલો છે. સાથે નવાણુ પ્રકારી પૂજા બે શ્રીમદ્ વીરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત દાખલ કરવામાં આવેલ છે. પોકેટમાં રહી શકે માટે કદ લઘુ કરવામાં આવેલ છે, સાથે યાત્રાના પર્વ દિવસોનું વર્ણન પણ આપવામાં આવેલ છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં શુદ્ધ રીતે છપાવવામાં આવેલ છે. ટાઇટલ (પુંઠુ) પણ રંગ બે રંગી સુંદર બનાવવામાં આવેલ છે. પરમ પવિત્ર આ તીર્થની યાત્રા અને ભક્તિ કરનારા બંધુઓ માટે એક ઉત્તમ સાધન અને યોજના કરવામાં આવેલ છે. મુદ્દલથી પણ કિંમત ઓછી રાખવામાં આવેલ છે. કિં૦ ચાર આના, પો૦ જુદું. અમારે ત્યાંથી મળી શકશે.

સંસ્કૃત ગ્રંથો.

મુનિમહારાજ, સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડાર વગેરેને પ્રથમ મુજબ નીચે લખેલા સંસ્કૃત ગ્રંથો ભેટ આપવાના પ્રસિદ્ધ થયા છે, સભાના ધારા મુજબ આર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ મુનિરાજ તથા સાધ્વી મહારાજને તેઓશ્રીના સમુદાયના વડિલ વિદ્યમાન ગુરૂ મહારાજ મારફત પત્ર લખી કોઇ પણ શ્રાવકના નામે ગ્રંથો ભેટ મંગાવવા. અત્યારે મુનિરાજ તથા સાધ્વી મહારાજની એટલી બધી માંગણી થયા કરે છે કે દરેકે દરેક મહાત્માને ભેટ આપવાને પહોંચી શકીયે તેમ નથી. સંસ્કૃતના સારા અભ્યાસી મુનિમહારાજાએ ઉપર મુજબ ગુરૂમહારાજ દ્વારા મંગાવવા કૃપા કરવી. તે સિવાય મંગાવતાં નહીં મોકલવાનો સભાનો ધારો હોવાથી પત્રનો જવાબ ન મળે કે ગ્રંથો સભા ભેટ ન મોકલે તો ખોટું લગાડવાનું કારણ નથી.

આ વખતે નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે.

૧ પંચસંગ્રહ—(કર્મગ્રંથના ખાસ અભ્યાસી મુનિરાજ કે સાધ્વીમહારાજે જ મંગાવવા કૃપા કરવી).

૨ **ષડ્દર્શન સમુચ્ચય મોટી ટીકા**—(ન્યાયના અભ્યાસી મુનિરાજને ઉપયોગી હોવાથી તેઓશ્રીએ જ મંગાવવા કૃપા કરવી).

૩ શ્રાદ્ધવિધિ, ૪ બંધહેતૂદય, ૫ ધર્મપરિક્ષા, ૬ સત્તરિસય ઠાણા સટીક, ૭ દ્રૌપદી સ્વયંવર નાટક—(આ નાટકનો ગ્રંથ અર્ધ સહાય મળેલ હોવાથી અર્ધી કીંમતે એટલે માત્ર બે આના કિંમતથી આપવામાં આવે છે).

આ વખતે ગ્રંથો મોટા હોવાથી પોસ્ટમાં મોકલતા વધારે ખર્ચ આવે છે જેથી રેલ્વે પારસલથી મોકલી શકાય તેમ છે, જેથી પેકીંગચાર્જ, કંતાન વગેરેના સાત ગ્રંથોના ચાર આના ખર્ચ આવે છે જેથી જે જૈનબંધુના નામ ઉપર મોકલવાના હોય તે અમોને તે ખર્ચ મોકલી આપે તેમ સૂચના કરવા નમ્ર વિનંતિ છે.

અમારા માનવંતા લાઇફ મેંબરો જેઓ સંસ્કૃતના ખાસ અભ્યાસી અને ખપી હોય તેમણે ધારા મુજબ ભેટ મંગાવવા, અને જે જે બંધુઓને આવા આ ગ્રંથો ઉપયોગી નથી, તેમની વતી વધારે પ્રમાણમાં મુનિમહારાજ અને જ્ઞાનભંડારોને પ્રથમ મુજબ ભેટ આપીશું, જેથી તે તે લાઇફ મેમ્બર બંધુઓને તે રીતે પણ જ્ઞાનોદ્ધારનો પણ લાભ પ્રાપ્ત થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્રવ્ય પ્રાપ્તિ.

" ઘણા ખરા યુવાનોને દ્રવ્ય પ્રાપ્તિનો પ્રેમ હોય છે, હું કહું છું ભલે હોય. તે ઇષ્ટ છે. એટલુંજ નહિ પણ જેમનામાં તે ન હોય તે.જો મારા મિત્ર હોય તો ભાગ્યેજ તેમને તેવા પ્રેમની ભલામણ કર્યા વિના રહું. તમારી ભૂલ છે. સુખનો આધાર સદ્‌ગુણ પર છે, સુખનો આધાર મનની વિશુદ્ધતા અને શાંતિ પર છે; બાહ્ય વસ્તુ પર નથી. એ હું સ્વીકારૂં છું. પણ હું એટલુંજ પૂછીશ કે આ વિશુદ્ધતા, આ શાંતિ કેટલી બધી વાર ગરીબાઇમાં નષ્ટ થાય છે? ગરીબાઇ એટલે દુર્ગુણને લાલચ, ગરીબાઇ એટલે કેટલેક અંશે અમિત્રતા, ગરીબાઇ એટલે સામાજીક તિરસ્કાર; ગરીબાઈ એટલે દેવાની ધાસ્તી, અને દેવાની ધાસ્તી એટલે માનસિક વિક્ષોભ. ખરૂં છે કે અપવાદો હોઇ શકે છે, પણ તે વિરલ પુરૂષોમાં જ જોવામાં આવે છે. જો તમને એમ શિખવવામાં આવ્યું હોય કે દ્રવ્ય કંઇ જ નથી તો એટલું શિક્ષણ ભૂલી જાઓ; તેમાં સુધારો કરો કે વસ્તુતઃ તે કંઈ જ નથી, વસ્તુતઃ દુનિયામાં ઘણું ખરૂં બધુંજ સાધનરૂપ છે, પણ સાધનરૂપ છે માટે જ તે છે, અને તે અગત્યનું છે. કપડાં પણ માત્ર નગ્નતાને ઢાંકનારાં સાધન છે, અને તેટલા માટે અગત્યનાં છે. આપણે તેનો તિરસ્કાર નથી કરતા તો દ્રવ્યનો શા માટે? "

* * * * *

" દરેક માણસે શ્રીમંત બનવું. શા માટે ન બનવું? દ્રવ્ય પ્રાપ્તિના પ્રયત્નોમાં હરીફાઇ છે, અને હરીફાઈમાં પ્રગતિનું બીજ છે. પણ ખરી શ્રીમંતાઇ શ્રીને ધરાવવામાં નથી પણ શ્રીના ઉપયોગમાં છે, જેટલે અંશે તે ઉપયોગ વધારે તેટલે અંશે શ્રીમંતાઇ વધારે એટલે અંશે તે ઉપયોગ ઉચ્ચતર તેટલે અંશે શ્રીમંતાઇ ઉચ્ચતર. જેની પાસે દ્રવ્ય છે છતાં દુનિયાની ઉન્નતિ સાધવાને તે પ્રયત્ન કરી શકતો નથી, જેની પાસે દ્રવ્ય છે છતાં હજારો કકળતા ભાઇ બ્હેનોના કકળાટ તે કમી કરાવી શકતો નથી, જેની પાસે દ્રવ્ય છે તે છતાં દેશની અને સાથે સાથે આત્માની ઉન્નતિ તે કરી શકતો નથી, તે દ્રવ્યવાન નથી પણ દ્રવ્યહીન છે. સાધનરૂપ દ્રવ્ય તેની પાસે છે જ નહિ. માટે તે ગરીબથી પણ વધારે ગરીબ છે. તે કદરી છે, તે દયાને પાત્ર છે. શા માટે? તે તિરસ્કારને પણ પાત્ર છે. "

નિવૃત્તિ વિનોદ.

For Private And Personal Use Only